Thursday 05, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૫૩ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

વક્રતુણ્ડ મહાકાય સૂર્યકોટિ સમપ્રભ । નિર્વિઘ્નં કુરુ મે દેવ સર્વકાર્યેષુ સર્વદા

॥ ઉૐ શ્રી ગણેશાય નમ : ॥

॥ ઉૐ શ્રી સરસ્વતીમાતાય નમ : ॥





દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના

આપના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સકારાત્મક ઊર્જાનો
પ્રકાશ સદાય રહે તેવી પ્રાર્થના



ધનતેરસથી શરૂ થતા દિવાળી પર્વ અને નૂતન વર્ષના શુભ અવસરે મા લક્ષ્મીજીની કૃપાથી આપના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આનંદ સદાય રહે તેવી પ્રાર્થના સાથે આપ અને આપના પરિવારને હાર્દિક શુભકામનાઓ.

એક શુભેચ્છક
વાપી



ધનતેરસથી શરુ થતાં
દિવાળી પર્વ અને નૂતન વર્ષના
શુભ અવસરે
આપ અને આપના પરિવારને
હાર્દિક શુભકામનાઓ




ધનતેરસથી શરુ થતા
દિવાળી પર્વ અને નૂતન વર્ષના
શુભ અવસરે
આપ અને આપના પરિવારને
હાર્દિક શુભકામનાઓ



મા લક્ષ્મીજીની કૃપાથી આપના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આનંદ સહાય રહે તેવી પ્રાર્થના

એક શુભેચ્છક - વાપી

મા લક્ષ્મીજીની કૃપાથી આપના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આનંદ સહાય રહે તેવી પ્રાર્થના



એક શુભેચ્છક - વાપી

સંગીતકાર જયકિશનજી પંચાલની ૯૭મી જન્મજયંતિ નિમિત્તે

વાંસદાના ગાંધીમેદાન ખાતે પુષ્પાંજલિ અને સંગીત સંધ્યા કાર્યક્રમો યોજાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાંસદા, તા.૦૪ : ભારતીય સિનેમાના સંગીત જગતમાં ‘શંકર-જયકિશન’ની અમર જોડી તરીકે સુવર્ણ ઇતિહાસ રચનાર અને વાંસદાની ધરતીનું ગૌરવ એવા સ્વ. જયકિશનજી ડાહ્યાભાઈ પંચાલની ૯૭મી જન્મજયંતિ (૪ નવેમ્બર) નિમિત્તે વાંસદા ખાતે વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

વાંસદાના ઐતિહાસિક ગાંધીમેદાન ખાતે સ્થાપિત જયકિશનજીની પૂર્ણ કદની પ્રતિમા પર મહાનુભાવો અને સંગીતપ્રેમીઓએ ભાવપૂર્વક ફૂલહાર અર્પણ કરી સ્મરણાંજલિ પાઠવી હતી.

આ પ્રસંગે વાંસદા સરપંચ ગુલાબભાઈ પટેલ, નટુભાઈ પંચાલ, અનંતપાલસિંહજી, મગન સાહેબ, પ્રદ્યુમનસિંહ સોલંકી તેમજ જયકિશન મ્યુઝિકલ ફાઉન્ડેશન-વાંસદાના પ્રમુખ હરદીપભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ મયુર પારેખ, ધર્મેન્દ્રસિંહ સોલંકી, નીરજભાઈ પારેખ, હરદીપભાઈ સગર, પ્રીતિબેન મહિડા, મિત્તલબેન ગરાસિયા સહિત ફાઉન્ડેશન અને નીતિબેન પારેખ ગ્રૂપના મિત્રો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન કલાકારોએ સંગીતના વિવિધ વાદ્યોના સુમેળ સાથે જયકિશનજી દ્વારા સ્વરબદ્ધ થયેલા અજર-અમર ગીતોનું સુંદર ગાયન અને વાદન રજૂ કર્યું હતું. રાત્રિના સમયે જયકિશનજીની પ્રતિમા સમક્ષ વિશેષ ‘સંગીત બેઠક’નું આયોજન થયું હતું, જેમાં જૂના સદાબહાર ગીતોની સુરાવલીઓ રેલાવાઈ હતી અને ઉપસ્થિત સંગીતરસિકોએ મોડી રાત સુધી સંગીતનો ભરપૂર આનંદ માણ્યો હતો.

વાંસદાની ધરોહર સમાન મહાન સંગીતકારને તેમના જ વતનમાં ગ્રામજનો અને સંગીતપ્રેમીઓએ સૂર અને શબ્દોની અંજલિ આપી તેમની સ્મૃતિઓને તાજી કરી હતી.

જિલ્લા કક્ષા સિનિયર સિટીઝન સ્પર્ધામાં ખેરગામનું ગૌરવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ખેરગામ, તા.૦૪ : રમતગમત યુવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા રમત -શિક્ષણ કેન્દ્ર નવસારી દ્વારા આયોજીતજિલ્લા કક્ષા સિનીયર સીટીઝનદોડ સ્પર્ધા તા. ૦૪/૧૧/૨૦૨૬, સવારે ૮ કલાકે સર સીજેએનઝેડ. મદ્રેસા સ્કુલ જમશેદ વાડી મેદાન નવસારી ખાતે યોજાઈ હતી.

જેમાં ખેરગામના વરિષ્ઠ યુવાન એવા દોડવીરોએ ભાગ લીધો હતો. વાળી ફ. નાંધઈના નિવૃત એસટીકર્મચારી બાબુભાઈ સામજીભાઈ પટેલે ૨૦૦મી દોડમા પ્રથમ,૪૦૦મી.તથા ૮૦૦મી દોડમાં બીજો ક્રમ તથા મણીલાલ લલ્લુભાઈ પટેલ નિવૃત્ત પ્રા. શિક્ષક ભૈરવીના હાલ ગાંધીનગર સો.ના રહીશે ૫૦૦૦મી જલદચાલ,તથા ૧૫૦૦મી. દોડ બંનેમા બીજો ક્રમ પ્રાપ્ત કરી ખેરગામ તાલુકાનું નામ જિલ્લા કક્ષાએ રોશન કર્યું હતુ હવે તેઓ રાજ્ય કક્ષાએ સ્પર્ધામાં ભાગ લેવા જશે. બંને નિવૃત્ત કર્મચારી ૭૦ થી વધુ વય વટાવ્યા પછી પણ દોડ સ્પર્ધામાં જે યુવાનો જેવો જોશ દર્શાવે છે તે તેમની શારીરિક ક્ષમતાને દાદ દેવા યોગ્ય છે.

હાલમાં જ નિવૃત્ત થયેલા ત્રિપુટી માના અન્ય દોડવીર પ્રા. શિક્ષક પ્રવીણ ગુ.પટેલે બંનેને અભિનંદન આપ્યા હતા.

ડાંગમાં ગ્રાન્ટ ફાળવણીમાં ભ્રષ્ટાચાર મુદ્દે કોંગ્રેસની ડીડીઓ સમક્ષ રજૂઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા.૦૪ : ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને ડાંગ જિલ્લા પંચાયતના સદસ્ય સ્નેહલકુમાર રામુભાઈ ઠાકરે દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને એક ગંભીર પત્ર પાઠવીને જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયત સ્તરે થતી ગ્રાન્ટ ફાળવણી, વિકાસ કામો, ટેન્ડર પ્રક્રિયા તેમજ ખરીદીમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને અનિયમિતતાઓ અંગે સનસનાટીભર્યા આક્ષેપો સાથે લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી છે.પત્રમાં જણાવ્યા અનુસાર, સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે વિવિધ યોજનાઓ અને હેડ હેઠળ કરોડો રૂપિયાની માતબર રકમ ફાળવવામાં આવે છે, પરંતુ વહીવટી તંત્રની ઉદાસીનતાને કારણે ત્રણેય સ્તરે થતા કાર્યોમાં વ્યાપક અનિયમિતતાઓ અને ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. છેલ્લા બે-ત્રણ મહિનાથી અવારનવાર અખબારોમાં આ અંગેના અહેવાલો અને આક્ષેપો છપાતા હોવા છતાં તંત્ર દ્વારા કોઈ જ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. અગાઉ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પણ આ મુદ્દે ચર્ચા થઈ હતી અને હાલમાં ચૂંટાયેલા તાલુકા સદસ્યો દ્વારા પણ વિકાસ કાર્યોમાં વ્યાપક ભ્રષ્ટાચાર અંગે ગંભીર આક્ષેપો કરી ઉચ્ચ કક્ષાએ લેખિત ફરિયાદો દાખલ કરવામાં આવી છે, તેમ છતાં વહીવટી સ્તરે કોઈ અંકુશ ન રહેતા ભ્રષ્ટાચાર ખુલ્લેઆમ ફૂલીફાલી રહ્યો છે. આ ગંભીર મામલે સ્નેહલભાઈ ઠાકરેએ માંગ કરી છે કે જિલ્લા, તાલુકા કે ગ્રામ પંચાયતના કોઈપણ હેડ કે ગ્રાન્ટ હેઠળ થતા નાના-મોટા તમામ વિકાસ કાર્યોની વિગતો સંપૂર્ણ પારદર્શક હોવી જોઈએ. ખરીદી, ટેન્ડર પ્રક્રિયા તેમજ સાધન-સામગ્રી અને ખેતીવાડી માટેના ફર્મ, બોર, લેવલિંગ, ગટર, રોડ અને મકાન બાંધકામના કાર્યોમાં એન્જિનિયરિંગ ધોરણો મુજબ ઉત્તમ ગુણવત્તા જાળવવામાં આવે અને કોઈપણ ભોગે ટકાવારી કે કમિશન પ્રથા ચલાવી લેવામાં ન આવે તેવી સ્પષ્ટ તાકીદ કરાઈ છે.

સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા

બીલીમોરામાં જરૂરીયાતમંદ બાળકોને જરૂરી ચીજવસ્તુઓ અર્પણ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૦૪ : દિવાળી એટલે માત્ર પોતાના ઘરને રોશનીથી શણગારવું નહીં, પરંતુ કોઈના અંધકારમય જીવનમાં આશાનો દીવો પ્રગટાવવો. આ સંકલ્પને ચરિતાર્થ કરતાં બીલીમોરા સ્થિત સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા સમાજ સમક્ષ સામાજિક સમરસતા અને માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. ટ્રસ્ટ દ્વારા પવિત્ર દીપોત્સવ પર્વ અગાઉ સોમવાર સવારે શહેરના જરૂરિયાતમંદ અને નિરાધાર ૩૦ બાળકોને સ્નેહભરી ભેટો અર્પણ કરી તેમના તહેવારને યાદગાર બનાવવામાં આવ્યો હતો.

સોમનાથ મંદિર ટ્રસ્ટના હોદ્દેદારો દ્વારા ૩૦ બાળકોને ઉત્તમ ગુણવત્તાના નવાં વસ્ત્રો (બ્રાન્ડેડ કપડાં), સ્વાદિષ્ટ મીઠાઈ ભરેલું બોક્સ, ફટાકડા અને પ્રોત્સાહનરૂપે રોકડ ભેટ આપવામાં આવી હતી. હાથમાં ફટાકડા અને નવાં કપડાં જોતાં જ બાળકોના નિર્દોષ ચહેરા પર જે અસીમ આનંદ અને સ્મિત છલકાયા હતા, તેણે ઉપસ્થિત સૌ કોઈના હૃદયને સ્પર્શી લીધાં હતાં. આ પ્રસંગે ટ્રસ્ટના સંચાલકોએ જણાવ્યું હતું કે, દિવાળી એ આનંદ, ઉલ્લાસ અને પ્રકાશનું પર્વ છે. સાચો ઉત્સવ ત્યારે જ સાર્થક ગણાય જ્યારે સમાજના છેવાડાના વર્ગ અને વંચિત બાળકો સુધી પણ આ તહેવારની ખુશી પહોંચે. આપણી સંસ્કૃતિ પરોપકાર અને વહેંચણીની છે; તેથી આ નાનકડો પ્રયાસ, એવા પરિવારો માટે છે જેઓ આર્થિક સંકડામણને કારણે ઉત્સવના આનંદથી વંચિત ન રહી જાય. સોમનાથ મંદિર ટ્રસ્ટની આ સંવેદનશીલ પહેલને નગરજનો અને સ્થાનિક અગ્રણીઓએ હૃદયપૂર્વક બિરદાવી હતી. સમાજના ધાર્મિક સ્થાનો માત્ર પૂજા-અર્ચના પૂરતા સીમિત ન રહેતાં જ્યારે સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવે છે, ત્યારે સમગ્ર સમાજમાં સેવા અને કરુણાની પ્રેરણાદાયી લહેર ફેલાય છે. બાળકોનો ઉત્સાહ વધારવા ટ્રસ્ટના પ્રમુખ સુરેશભાઈ દેસાઈ, ઉપપ્રમુખ દેવચંદભાઈ પટેલ, મંત્રી પંકજભાઈ મોદી, નીતિનચંદ્ર ગાંધી, જગદીશભાઈ મહેતા, તેમજ કરસન પટેલ, નિકિતાબેન પટેલ, દીપકભાઈ ગાંધી, મુકેશભાઈ પટેલ એ સક્રિય સેવા આપી હતી.

ખોબા આશ્રમના વિદ્યાર્થીઓને દિવાળી વેકેશનમાં મહુડાના છોડ અપાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાંસદા, તા.૦૪ : આ વર્ષે દિવાળીની ઉજવણી માત્ર ફટાકડા પૂરતી સીમિત ન રહેતા પ્રકૃતિને સમર્પિત બની છે. લોક મંગલમ્ વિદ્યાપીઠ (ખોબા આશ્રમ) અને પ્રાથમિક શાળાના આશરે ૨૦૦ વિદ્યાર્થીઓને લોક મંગલમ્ ચેરિટેબલ ટ્રસ્ટ, ખોબા અને ગોપાલ ચેરિટેબલ ટ્રસ્ટ, સુરતના સહિયારા -યાસથી આ દિવાળી વેકેશનમાં ઘરે રોપવા માટે મહુડાના છોડ આપવામાં આવ્યા છે.

આ નાનકડી પહેલથી વિદ્યાર્થીઓ પોતાના આંગણે વૃક્ષારોપણ કરી પર્યાવરણ રક્ષણની જવાબદારી સંભાળશે. આપણી આદિવાસી સંસ્કૃતિ, આર્થિક સ્વાવલંબન અને કુદરતી સંરક્ષણ સાથે અતૂટ નાતો ધરાવતું મહુડાનું વૃક્ષ એક અમૂલ્ય વારસો છે. જ્યારે વિદ્યાર્થીઓ ઘરઆંગણે આ છોડ રોપશે, ત્યારે સાચા અર્થમાં એક છોડ =

એક નવું જીવન અને એક વૃક્ષ = સ્વચ્છ હવા અને ઉજ્જવળ ભવિષ્ય નો મંત્ર સાર્થક થશે. આ પહેલ દ્વારા નાની ઉંમરથી જ પર્યાવરણ પ્રત્યે જવાબદારી અને પ્રેમ જગાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આવો, આ દિવાળીએ આપણે પણ પ્રેરણા લઈને પર્યાવરણની રક્ષાનો સંકલ્પ કરીએ.

વઘઈ રેંજ વિસ્તારમાં ખેરના લાકડા ભરેલ બોલેરો કાર ઝડપાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા.૦૪ : દક્ષિણ ડાંગ ડી.સી.એફ.નિરજકુમાર તથા મદદનીશ વન સંરક્ષક જૈનિલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ વઘઈ રેંજનાં આર.એફ.ઓ અમિત ચૌધરીની ટીમ દ્વારા વઘઈ વિસ્તારમાં સઘન રાત્રી પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતુ.આ કામગીરી દરમિયાન તારીખ ૦૪/૧૧/૨૦૨૬ના રોજ વહેલી સવારે આશરે ૦૭:૦૪ કલાકે વઘઈ રેંજના કાર્ય વિસ્તારમાં આવેલા લોઅર ચેકિંગ નાકા પરથી એક શંકાસ્પદ બોલેરો ગાડી (વાહન નંબર-GJ-15 CA-3432) પસાર થઈ હતી.વઘઈ રેંજ વન વિભાગની ટીમે ગાડીને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બોલેરોનો ચાલક વાહન પુર ઝડપે હંકારીને ભાગી છૂટ્યો હતો. જેથી દક્ષિણ વન વિભાગના વઘઈ રેંજનાં કર્મચારીઓએ ત્વરિત તત્પરતા દર્શાવીને શંકાસ્પદ વાહનનો પીછો કર્યો હતો. પીછો કરતા જોઈ ચાલકે વાંસદાથી કણધા ગામ તરફ જતા રસ્તા ઉપર સાઈડમાં બોલેરો ગાડી ઉભી રાખી દીધી હતી અને અંધારા તથા આસપાસના વિસ્તારનો લાભ ઉઠાવીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો.ત્યારબાદ વન વિભાગની ટીમે બિનવારસી હાલતમાં મળી આવેલી બોલેરો ગાડીની કાળજીપૂર્વક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ગાડીમાંથી કોઈપણ જાતની પાસ-પરમિટ વગરના ગેરકાયદેસર રીતે વહન કરાતા ખેરના ૧૭ નંગ લાકડાં (ઘન મીટર ૦.૪૨૮) મળી આવ્યા હતા.વઘઈ વન વિભાગની ટીમે રૂ. ૧૪,૯૮૦ની કિંમતનો ખેરનો લાકડાનો જથ્થો તથા રૂ. ૨,૪૦,૦૦૦ની અંદાજિત કિંમત ધરાવતી બોલેરો ગાડી મળીને કુલ રૂ. ૨,૫૪,૯૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.આ મામલે ફરાર થઈ ગયેલા ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે તેમજ આગળની કાયદાકીય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

ધનોરી આશ્રમશાળાના બાળકોને લંડન સ્થિત પટેલ પરિવારે ભેટ આપી દિવાળી ઉજવી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ગણદેવી, તા. ૦૪ : દીપોત્સવના પાવન પર્વ નિમિત્તે બુધવારે ધનોરી સ્થિત આશ્રમશાળા ખાતે માનવતા અને સેવાભાવની સુવાસ પ્રસરાવતો એક પ્રેરણાદાયી સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. સાત સમંદર પાર લંડનમાં સ્થાયી થયેલા ગીતાબેન અને મુકેશભાઈ વલ્લભભાઈ પટેલ પરિવારે પોતાની જન્મભૂમિ પ્રત્યેની અતૂટ લાગણી વ્યક્ત કરતાં સતત ચોથા વર્ષે આશ્રમશાળાના ૧૫૦ જેટલા જરૂરિયાતમંદ બાળકોને નવાં કપડાં, બૂટ તેમજ મીઠાઈનું વિતરણ કરી તેમના ચહેરા પર ખુશીની રોશની પાથરી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં આશ્રમશાળા પરિવાર દ્વારા ઉપસ્થિત તમામ અતિથિ વિશેષોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને સંસ્થાની છેલ્લા ૨૫ વર્ષની શૈક્ષણિક તેમજ સામાજિક પ્રવૃત્તિઓની રૂપરેખા રજૂ કરાઈ હતી. લંડનસ્થિત દાતા ગીતાબેન અને મુકેશભાઈ પટેલ માત્ર દિવાળી જ નહીં, પરંતુ છેલ્લા પાંચ વર્ષથી પવિત્ર શ્રાવણ માસ દરમિયાન પણ આશ્રમના બાળકોને પૌષ્ટિક ભોજન પીરસી સ્નેહભાવે મુલાકાત લેતા રહ્યા છે. વિદેશમાં રહીને પણ વતનના અંતરિયાળ વિસ્તારના બાળકોની ચિંતા કરી સતત સેવાયજ્ઞ ચલાવવાનો તેમનો આ પ્રયાસ સમગ્ર સમાજ માટે દિશાસૂચક બન્યો છે.આ પ્રસંગે રોટરી ક્લબ ગણદેવીના પ્રમુખ ફાલ્ગુનીબેન નાયક અને મંત્રી દીપકભાઈ નાયક દ્વારા બાળકોની સુવિધા અર્થે સંસ્થાને સિલિંગ ફેનની વિશેષ ભેટ અર્પણ કરવામાં આવી હતી.આ સ્નેહવિતરણ સમારોહમાં અમલસાડના નીરવભાઈ નાયક, દુષ્યંતભાઈ નાયક, ધનોરી ગામના અગ્રણી અમિતભાઈ નાયક, અમેરિકાથી પધારેલા અરુણભાઈ પટેલ અને અરવિંદભાઈ પટેલ, ડૉ. કામિનીબેન, આશ્રમના ટ્રસ્ટી સુરેશભાઈ, દીપકભાઈ રાઠોડ, અમૃતલાલ તલાવિયા, મુકેશભાઈ હળપતિ તેમજ સમગ્ર શૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ બાળકો સાથે સંવાદ સાધી તહેવારોની શુભકામનાઓ પાઠવી હતી. આશ્રમશાળા પરિવારે તમામ દાતાઓ અને આગેવાનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

નવસારીમાં અંડર-૧૯ ‘લીલાબા કપ’ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ



નવસારી, તા.૦૪ : નવસારી સ્થિત છાપરા સ્પોર્ટ્સ ક્લબના ગ્રાઉન્ડ પર અંડર-૧૯ ‘લીલાબા કપ’ ક્રિકેટ ટુર્નામેન્ટનો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ઉદ્ઘાટન પ્રસંગે લીલાબા કપના સ્પોન્સર તેમજ નવસારી ક્રિકેટ એસોસિએશનના ઉપપ્રમુખ અશોકભાઈ ગજેરા, મંત્રી ભરતભાઈ પટેલ, હરીશભાઈ, કમલેશભાઈ, હિતેષભાઈ, પ્રશાંતભાઈ, મધુસૂદનભાઈ અને અંકુરભાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ટૂર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓ માટે ભોજનની સુંદર વ્યવસ્થા ઉપપ્રમુખ અશોકભાઈ ગજેરા તરફથી પૂરી પાડવામાં આવી હતી.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૦૫-૧૧-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** કારતક વદ બારસ, **સૂર્યોદય :** ૦૬ : ૫૦ **સૂર્યાસ્ત** ૦૫ : ૫૫, **ચંદ્રોદય** - ૦૩:૦૨ **ચંદ્રાસ્ત** - ૦૩:૨૪ **ચંદ્ર રાશિ :** કન્યા, **નક્ષત્ર** - ઉત્તરા ફાલ્ગુની

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઈ) : આજે તમને વિવિધ સ્રોતોમાંથી ધન લાભ થવાની - બળ સંભાવના છે. કરિયર અને બિઝનેસના ક્ષેત્રે નવી તકો અને પ્રોજેક્ટ્સ મળી શકે છે.

વૃષભ (બ, વ, ઉ) : આજે ચંદ્ર તમારા પાંચમા ભાવમાં ગોચર કરશે, જેનાથી રોકાણ અને બચત સંબંધિત નિર્ણયો પર વધુ ધ્યાન કેન્દ્રિત થશે.

મિથુન (ક, ઘ, ચ) : આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત અને દોડધામવાળો રહી શકે છે. કાર્યસ્થળ કે સામાજિક ઈવેન્ટના કારણે તમારા પર કોઈ વધારાની જવાબદારી આવી શકે છે.

કર્ક (ડ, હ) : આજે તમારે તમારા સ્વાસ્થ્ય અને શારીરિક સુખ પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.ઓફિસ કે વેપારમાં મગજ શાંત રાખીને નિર્ણયો લેવા અને ઉતાવળિયા વાદ-વિવાદથી દૂર રહેવું.

સિંહ (મ, ટ) : ચંદ્રનું ભ્રમણ તમારી રાશિના જાતકોને કરિયરમાં પોતાના કૌશલ્ય અને પ્રતિભા બતાવવાની ઉત્તમ તક પૂરી પાડશે. લાંબા સમયથી અટકેલા મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સમાં તમને આગેવાની મળી શકે છે.

કન્યા (પ, ઠ, ણ) : આજે ચંદ્ર તમારી જ રાશિમાં ભ્રમણ કરી રહ્યો હોવાથી બૌદ્ધિક કાર્યોમાં તમને અદભુત સફળતા મળશે. હિસાબ-કિતાબ, નવી યોજનાઓ ઘડવી અને પેન્ડિંગ કામો પૂરા કરવા માટે આજનો દિવસ ખૂબ જ અનુકૂળ છે.

તુલા (ર, ત) : આર્થિક અને વ્યાપારિક દ્રષ્ટિએ આજનો દિવસ તમારા માટે ખૂબ જ પ્રગતિશીલ અને ઉત્તમ સાબિત થશે. વેપારમાં આવક વધવાના અને ધન લાભ થવાના મજબૂત યોગ છે.

વૃશ્ચિક (ન, ય) : કરિયરની દ્રષ્ટિએ આજે કોઈ મોટો સકારાત્મક બદલાવ આવી શકે છે અથવા નવી નોકરીની ઉત્તમ તકો મળી શકે છે. સમાજમાં તમારી પ્રતિષ્ઠા અને માન-સન્માન વધશે.

ધન (ભ, ધ, ફ, ઢ) : આજે તમારા કરિયરમાં ઉછાળો આવવાની અને નવી ઊંચાઈઓ સર કરવાની પૂરેપૂરી સંભાવના છે.

મકર (ખ, જ) : ભૂતકાળમાં કરેલી સખત મહેનતનું આજે તમને ખૂબ જ સકારાત્મક અને મીઠું પરિણામ મળી શકે છે. કાર્યસ્થળે તમારા કામની પ્રશંસા થશે.

કુંભ (ગ, સ, શ, ષ) : પ્રગતિ અને વિકાસના નવા દ્વારા ખુલશે તેમજ નોકરી કે વ્યવસાયનું ક્ષેત્ર બદલવા માંગતા જાતકો માટે આજનો દિવસ અનુકૂળ રહેશે. આર્થિક બાબતો સામાન્ય રહેશે.

મીન (દ, ચ, થ, ઝ) : આજે તમારે સહકર્મીઓ અને ભાગીદારો (પાર્ટનર્સ) સાથે ઉત્તમ તાલમેલ જાળવીને ચાલવું પડશે. વ્યાપારિક સંબંધો સુધરશે અને કોઈ સામૂહિક કાર્યમાં મોટો નફો થવાની આશા છે.

દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

ગુરૂવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

સુડોકુ નં.૨૪

	7	3	5	6	9	1	4	
5								6
			2		1			
		2	9		6	5		
	8						9	
		4	1		5	7		
			8		4			
2								9
	5	6	7	9	2	3	1	

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પોન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૨ ૩નો ઉકેલ

4	7	1	5	8	6	9	2	3
3	5	9	1	2	7	6	4	8
6	2	8	9	3	4	1	5	7
9	6	2	3	4	5	8	7	1
7	4	3	2	1	8	5	9	6
8	1	5	7	6	9	4	3	2
1	9	4	6	7	2	3	8	5
2	8	6	4	5	3	7	1	9
5	3	7	8	9	1	2	6	4

વલસાડ જિલ્લા વિકાસ અધિકારીનો અખત્યાર સંભાળતા વંદના મીણા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૪ : વલસાડ જિલ્લા વિકાસ અધિકારી તરીકે વંદના મીણાએ તેમનો અખત્યાર સંભાળી લીધો છે. ઉલ્લેખનીય છે કે, અતિરાગ ચપલોતની બદલી કચ્છ-ભુજ ખાતે કરવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારીએ અખત્યાર સંભાળી નવા જિલ્લા પંચાયત ભવનનું નિરીક્ષણ અને અધિકારીઓ પાસે કામગીરીની માહિતી મેળવી હતી. તત્કાલિન જિલ્લા વિકાસ અધિકારી પણ તેમની સાથે જોડાયા હતા. વંદના મીણા ભારતીય વહીવટી સેવામાં ગુજરાત કેડર ૨૦૨૨ બેચ અધિકારી અને રાજસ્થાનના વતની છે. તેમણે B.Sc. (Mathematics Honours) નો અભ્યાસ કર્યો છે. તેઓ અગાઉ મદદનીશ કલેકટર તરીકે મોડાસા, મદદનીશ કલેકટર કેશોદ, જુનાગઢ અને ઓકટોબર-૨૬ થી પ્રાયોજના વહીવટદાર મહિસાગર તરીકે ફરજ બજાવી ચુક્યા છે.

દિલ્હીની મહારેલીનો રેલો ડાંગ-નવસારી પહોંચ્યો

નવસારી અને ડાંગના યુવા કોંગ્રેસ પ્રમુખો સસ્પેન્ડ

વલસાડ અને દમણ-દીવ, દાનહ બચ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૪ : દિલ્હીમાં ગત નવેમ્બરમાં ઈન્ડિયા ગઠબંધન દ્વારા આયોજિત 'વોટ બચાવો મહારેલી'માં ગેરહાજર રહેવું દક્ષિણ ગુજરાતના નવસારીના પુરવ તલાવિયા અને ડાંગ જિલ્લાના તુષાર કામડી યુવા કોંગ્રેસ પ્રમુખોને ભારે પડ્યું છે. ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ દ્વારા શિસ્તભંગ બદલ બંને જિલ્લાના પ્રમુખોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ગુજરાત યુવા કોંગ્રેસ દ્વારા પક્ષના આદેશની અવગણના કરનારા અને સંગઠનાત્મક કામગીરીમાં નિષ્ક્રિય રહેનારા હોદ્દેદારો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમા રાજ્યના ૨૪ જિલ્લા યુવા કોંગ્રેસ પ્રમુખો સહિત ૪૯થી વધુ હોદ્દેદારોને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હતી. ત્યારબાદ જવાબ મંગાવવામાં આવ્યો હતો અને કેટલાક યુવા ગેરહાજર રહેલા નેતાઓએ પોતાના જેન્યુન રિપોર્ટ રજૂ કર્યો હતો અને કેટલાકે કોઈ જવાબ આપવામાં આવ્યો ન હતો તેને તપાસ બાદ ગુજરાત યુવા કોંગ્રેસના પ્રમુખ અને સંગઠન દ્વારા ચર્ચા વિચારણા કર્યા બાદ આજે સસ્પેન્ડશનનો કોરડો વિજવામાં આવ્યો હતો જેમાં દક્ષિણ ગુજરાતના નવસારી અને ડાંગના યુવા કોંગ્રેસ પ્રમુખોને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં યોજાયેલી મહારેલીમાં દમણ-દીવ, દાદરા અને નગર હવેલી તથા વલસાડના કોંગ્રેસી કાર્યકરોની હાજરી જોવા મળી હતી. આ કાર્યવાહીથી પક્ષમાં માત્ર હોદ્દો ધરાવીને સંગઠનના ગ્રાઉન્ડ લેવલ પર કામગીરી નહીં કરનારા તેમજ પક્ષના આદેશોનું પાલન નહીં કરનારા હોદ્દેદારોમાં ચિંતા જોવા મળી રહી છે.

વાપીમાં 'વિકસિત ભારત યુવા સંવાદ' યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૪ : યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર અંતર્ગત મેરા યુવા ભારત (MY Bharat), વલસાડ દ્વારા વાપી ખાતે રજુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીમાં 'વિકસિત ભારત યુવા સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાનોને લોકશાહી પ્રક્રિયા સાથે જોડવા, મતદાનના મહત્વ અંગે જાગૃત કરવા તેમજ જનપ્રતિનિધિઓ અને યુવાનો વચ્ચે સીધો સંવાદ સ્થાપિત કરવાનો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, વાપી મહાનગરપાલિકાનાં મેયર દક્ષાબેન પટેલ, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજેશ્રી ટંડેલ તથા જિલ્લા યુવા અધિકારી આયુષ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન યોજાયેલા 'યુવા સંવાદ – Know Your VoteÓ સત્રમાં યુવાનોએ જનપ્રતિનિધિઓ સાથે લોકશાહી અને મતદાન સંબંધિત વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર મુક્તપણે ચર્ચા કરી હતી. યુવાનોએ જન-તિનિધિઓને પ્રશ્નો પૂછ્યા હતા કે, એક નાગરિક તરીકે તેમના મતની વાસ્તવિક શક્તિ શું છે, યોગ્ય જનપ્રતિનિધિની પસંદગી કેવી રીતે કરવી જોઈએ, મતદાનથી દેશના વિકાસ પર શું અસર થાય છે તેમજ લોકશાહી વ્યવસ્થામાં યુવાનોની શું ભૂમિકા હોવી જોઈએ. જનપ્રતિનિધિઓએ યુવાનોના પ્રશ્નોના જવાબ આપતાં મતદાનના અધિકાર અને જવાબદારી, નિષ્પક્ષ મતદાન, જાગૃત નાગરિકતા તથા લોકશાહીને મજબૂત બનાવવામાં યુવાનોની સક્રિય ભાગીદારીના મહત્વ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમણે યુવાનોને કોઈપણ પ્રકારના પ્રલોભન કે દબાણ વિના પોતાના વિવેકથી મતદાન કરવા તેમજ અન્ય નાગરિકોને પણ મતદાન પ્રત્યે જાગૃત કરવા પ્રેરિત કર્યા હતા. આ સંવાદના માધ્યમથી યુવાનોને સમજવાની તક મળી હતી કે, લોકશાહી માત્ર મતદાન પૂરતી મર્યાદિત નથી, પરંતુ એક જાગૃત નાગરિક તરીકે સતત સક્રિય ભાગીદારી પણ એટલી જ આવશ્યક છે. આ કાર્યક્રમ યુવાનો અને જનપ્રતિનિધિઓ વચ્ચે વિચારોના આદાનપ્રદાન માટે એક સાર્થક મંચ સાબિત થયો હતો. આ કાર્યક્રમનું આયોજન મેરા યુવા ભારત, વલસાડ દ્વારા યુનિવર્સિટીના સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં યુવાનો, વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

વેજલપોરમાં ખુલ્લા પ્લોટમાંથી બાળકનું માથું મળ્યાની વાતે ચકચાર

એફએસએલની તપાસમાં માથું કોઈ પશુનું હોવાનું બહાર આવ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૪ : વલસાડના વેજલપોર ગામે આવેલા શ્રીજીનગર વિસ્તારમાં વિનાયક પેલેસ સામેના એક ખુલ્લા પ્લોટમાંથી આજે બાળકનું માથું મળી આવ્યું હોવાની વાતો વહેતા ગામના સરપંચ સહિત પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. એફ એસ એમની ટીમે તપાસ કરતા પશુ હોવા નું બહાર સ્થાનિકો અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. હાલ વલસાડ રૂરલ પોલીસે સમગ્ર મામલે આગળની કાયદેસરની તપાસ કરી છે વલસાડ તાલુકાના વેજલપુર ગામે શ્રીનગર વિસ્તારમાં આવેલ વિનાયક પેલેસના સામેના એક ખુલ્લા પ્લોટ માં આજે બાળકનું માથું મળી આવ્યો હોવાની વાતો વહેતા ગામના મહિલા સરપંચ કૌશિકભાઈ પટેલ તેમજ ગામના આગેવાનો દોડી ગયા હતા ઘટનાની જાણ થતા વલસાડ રૂરલ પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને પરિસ્થિતિની ગંભીરતાને જોતાં સઘન તપાસ શરૂ કરી દીધી હતી.

શરૂઆતમાં સ્થાનિક રહીશો તેમજ ગામના સરપંચ કૌશિક પટેલે આ મસ્તક કોઈ બાળકનું હોવાની આશંકા વ્યક્ત કે કદાચ કોઈ બાળકને દફનાવવામાં આવ્યું હોય અને બાદમાં કોઈ જંગલી અથવા રખડતું પ્રાણી તેને ખેંચીને અહીં લઈ આવ્યું હોઈ શકે છે. આ આશંકાને પગલે પોલીસે આસપાસના વિસ્તારના શ્રમિકો અને સ્થાનિક લોકોની પૂછપરછ હાથ ધરી હતી. જોકે, પ્રાથમિક તપાસમાં આ વિસ્તારમાંથી કોઈપણ બાળક ગુમ થયા અંગે કે અપહરણ સંબંધી કોઈ ફરિયાદ અગાઉ નોંધાઈ ન હોવાનું સામે આવ્યું હતું. દરમિયાન, ઘટનાસ્થળે પહોંચેલી FSL ની ટીમે પ્રાથમિક તપાસ માં આ માથું કોઈ બાળકનું નથી પરંતુ પશુ હોવા નું બહાર સ્થાનિકો અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. હાલ વલસાડ રૂરલ પોલીસે સમગ્ર મામલે આગળની કાયદેસરની તપાસ કરી છે.

વાપીમાં શ્રીરામ ફાઇનાન્સ 'નવગતિ' દ્વારા શિષ્યવૃત્તિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૪ : શ્રીરામ ફાઇનાન્સ લિમિટેડ દ્વારા પરિવહન ક્ષેત્ર સાથે સંકળાયેલા પરિવારોનાં બાળકોને શિક્ષણમાં પ્રોત્સાહન આપવા વાર્ષિક 'નવગતિ એજ્યુકેશન સ્કોલરશિપ પ્રોગ્રામ'નું આયોજન વાપી GIDC સ્થિત કનુભાઈ દેસાઈ VIA ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૭૫૦થી વધુ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વાપી મહાનગરપાલિકાનાં મેયર દક્ષાબેન પટેલ, જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ. રાજશ્રીબેન ટંડેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. જ્યારે શ્રીરામ ફાઇનાન્સના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર નિલેશ આડોદરા વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મહાનગરપાલિકાના હોદ્દેદારો તથા વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના અગ્રણીઓએ પણ હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ શિષ્યવૃત્તિ યોજના હેઠળ કોમર્શિયલ વાહન ચાલકો, માલિકો, મિકેનિક, હેલ્પર અને પરિવહન ક્ષેત્ર સાથે સંકળાયેલા કર્મચારીઓનાં ધોરણ ૭થી ૧૨માં અભ્યાસ કરતા પ્રતિભાશાળી બાળકોને આર્થિક સહાય આપવામાં આવે છે. આ પહેલનો હેતુ વિદ્યાર્થીઓને શિક્ષણમાં આગળ વધવા પ્રોત્સાહિત કરી તેમના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરવાનો છે.

સેલવાસમાં માય ભારત દ્વારા જિલ્લાકક્ષાની 'વિકસિત ભારત યુવા સંસદ' યોજાઇ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૦૪ : મેરા યુવા ભારત માય ભારત, સિલવાસા દ્વારા સોમવારે એસ.પી.જી. અબ્દુલ કલામ સરકારી કોલેજ ખાતે જિલ્લા કક્ષાની વિકસિત ભારત યુવા સંસદ-૨૦૨૭નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૮થી ૨૫ વર્ષના યુવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સ્પર્ધામાં યુવાનોએ એક રાષ્ટ્ર, એક ચૂંટણી વિષય પર પોતાના વિચારો અને દૃષ્ટિકોણ અસરકારક રીતે રજૂ કર્યા હતા. સ્પર્ધકોએ લોકશાહી વ્યવસ્થા, ચૂંટણી પ્રક્રિયા તથા રાષ્ટ્રના વિકાસ સાથે જોડાયેલા વિવિધ મુદ્દાઓ પર પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા.

સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને રતન યાદવે પ્રથમ, રાહિલા માવજીવે દ્વિતીય અને અંશુમાન શેટે તૃતીય સ્થાન મેળવ્યું હતું. વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર અન્ય તમામ સ્પર્ધકોને પણ તેમની સહભાગિતા અને ઉત્સાહ બદલ પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં.

જિલ્લા કક્ષાએ પસંદ થયેલા ત્રણેય વિજેતાઓ આગામી સંઘ પ્રદેશ કક્ષાની વિકસિત ભારત યુવા સંસદ-૨૦૨૭માં ભાગ લેશે. અહીં તેઓ અન્ય જિલ્લાઓના વિજેતાઓ સાથે સ્પર્ધા કરશે. સંઘ પ્રદેશ કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર સ્પર્ધકોને આગળ રાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભા દર્શાવવાની તક મળશે.

માય ભારત, સેલવાસ દ્વારા યોજાયેલો આ કાર્યક્રમ યુવાનોમાં નેતૃત્વ ક્ષમતા, લોકશાહી ચેતના અને રાષ્ટ્ર નિર્માણ પ્રત્યેની પ્રતિબદ્ધતા વિકસાવવાની દિશામાં એક સરાહનીય પ્રયાસ રહ્યો હતો.

ડાભેલ પો.સ્ટે.માં રક્તદાન શિબિર યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૦૪ : રાષ્ટ્રીય એકતા દિવસ અને રન ફોર યુનિટી (એકતા માટે દોડ) ના ઉપલક્ષમાં દાભેલ પોલીસ સ્ટેશન ખાતે એક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ—જેમાં દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશના DIGP સંતોષ કુમાર મીણા અને દાભેલ પોલીસ સ્ટેશનના SHO, PSI નિલેશ કોટકરનો સમાવેશ થાય છે—તેમજ સ્થાનિક ઉદ્યોગોમાં કામ કરતા કામદારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સ્વેચ્છાએ રક્તદાન કર્યું હતું.આ પ્રસંગે, પોલીસ કર્મચારીઓ અને ઔદ્યોગિક કામદારો બંનેએ રક્તદાન કરીને પોતાની સામાજિક જવાબદારી નિભાવી હતી. આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય સમુદાયમાં રક્તદાન અંગે જાગૃતિ લાવવાનો અને જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર લોહી મળી રહે તે સુનિ?ત કરવામાં મદદ કરવાનો હતો.

દાભેલ બ્લડ ડોનેશન સેન્ટર (રક્તદાન કેન્દ્ર) ના સહયોગથી આયોજિત આ શિબિરમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમે રાષ્ટ્રીય એકતા, ભાઈચારા અને માનવતાની સેવાનો સંદેશ આપ્યો. પોલીસ કર્મચારીઓ અને ઔદ્યોગિક કામદારોની સહભાગિતા સામાજિક એકતા અને સેવાભાવનાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

વાપીમાં યુવતીની લાશ મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૪ : વાપી ચાર રસ્તા નજીક હાઈવે પર આવેલી હોટેલ આનંદ ઈનની પાછળના ભાગે આવેલા બેઝમેન્ટના પાર્કિંગમાં ભરાયેલા પાણીમાંથી વાપી સરસ્વતી નગરની ૧૯ વર્ષિય યુવતી મનિષા સત્યેન્દ્રપ્રસાદની લાશ તરતી હાલતમાં મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચક્ચાર મચી ગઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ, મૃતક યુવતી અસ્થિર મગજની હતી અને છેલ્લા કેટલાક દિવસથી ગુમ હતી. પરિવારજનો દ્વારા તેની શોધખોળ ચાલી રહી હતી, ત્યારે આજે તેની લાશ મળી આવતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. ઘટનાની જાણ થતા જ ટાઉન પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે લાશનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી છે. બેઝમેન્ટમાં પાણી ભરાયેલું હોવાથી લાશ તરતી જોવા મળી હતી. પ્રાથમિક તપાસમાં યુવતી પાણીમાં ડૂબી જવાથી મોત થયું હોવાનું અનુમાન છે, જોકે પોલીસે અકસ્માત કે અન્ય કોઈ કારણ છે કે કેમ તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે. બેઝમેન્ટમાં પાણી ભરાવા પાછળ બિલ્ડિંગ સંચાલકોની બેદરકારી છે કે કેમ તે અંગે પણ પોલીસ પૂછપરછ કરી રહી છે.

વાપીમાં ફરી શાકભાજીની લારીઓના દબાણ

મસ્જિદથી માછીમાર્કેટ-કચીગામ રોડ સુધીના માર્ગ પર રાહદારીઓ અને વાહનચાલકો પરેશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૪ : વાપી ટાઉનના નાઝા બાઈ રોડ તેમજ વ્હોરા મસ્જિદથી માછીમાર્કેટ-કચીગામ રોડ સુધીના માર્ગ પર ફરી શાકભાજીની લારીઓ દ્વારા દબાણ કરવામાં આવતાં રાહદારીઓ, વાહનચાલકો અને સ્થાનિક લોકો મુશ્કેલીમાં મુકાયા છે.વાપી મહાનગરપાલિકા દ્વારા થોડા મહિના અગાઉ પોલીસને સાથે રાખીને ગેરકાયદે દબાણો દૂર કરી રસ્તો ખુલ્લો કરાવવામાં આવ્યો હતો. જોકે, છેલ્લા કેટલાક દિવસોથી સાંજે ૫ વાગ્યા બાદ ફરી રસ્તાની વચ્ચે શાકભાજીની લારીઓ ઊભી રાખીને વેચાણ શરૂ કરી દેવામાં આવતાં ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે. આથી સ્થાનિક લોકો અને રાહદારીઓએ વાપી મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓ તથા હોદેદારો સમક્ષ ફરી દબાણો દૂર કરી માર્ગને ખુલ્લો કરાવવા કાર્યવાહી કરવાની માંગ કરી છે. જોકે અગાઉ વાપી મહાનગરપાલિકા દ્વારા સ્થાનિક પોલીસને સાથે રાખી આ માર્ગ ઉપરથી ગેરકાયદે દબાણો તેમજ બાંધકામ દૂર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો જે અંગે ખૂબ જ મોટી થી પણ વાપી મહાનગર પાલિકા દ્વારા પોલીસને ચૂકવાઈ હતી આ અંગે તાત્કાલિક વાપી મહાનગરપાલિકાના સત્તાધીશ પાર્ટીના હોદેદારો તેમજ જવાબદાર અધિકારીઓ દ્વારા કાર્યવાહી કરી રસતો ખુલ્લો કરવામાં આવે તેવી માંગ કરાઈ રહી છે.

ચર્ચાનો ચોતરો

આવી દિવાળી

કિંજલ પંડ્યા
પારડી

વર્ષો વીતતા જાય છે, કૅલેન્ડરના પાનાં બદલાય છે અને દિવાળી આવે છે. પણ શું ખરેખર દિવાળી એ જ છે જે દાયકાઓ પહેલાં હતી? કે પછી આજના ડિજિટલ યુગમાં દિવાળીનો અર્થ સાવ બદલાઈ ગયો છે? આજના ઝડપી અને સોશિયલ મીડિયાયુક્ત સમયમાં જ્યારે દિવાળી આવે છે, ત્યારે સવાલ થાય કે - શું આપણે ખરેખર દિવાળી ઉજવીએ છીએ કે પછી માત્ર તહેવારની ઔપચારિકતા નિભાવીએ છીએ?




એક સમય હતો જ્યારે દિવાળી એટલે અઠવાડિયા અગાઉથી ઘરની સાફ-સફાઈ, તોરણ, રંગોળીની ભાત પાડવી અને ઘરમાં બનતા ઘૂઘરા, મઠીયા અને થાબડાની સુગંધથી આખો મહોલ્લો મહેકતો. બાળકો અઠવાડિયા અગાઉથી ફટાકડાની યાદી બનાવતા અને રાત્રે આકાશમાં થતી નવી-નવી આતશબાજી ઉત્સાહ જગાવતી. આજના સમયની સરખામણી કરીએ તો, આજે સમયનો અભાવ છે. હવે રંગોળી દોરવાની ફુરસદ નથી એટલે રેડીમેડ સ્ટીકરો આવી ગયા છે. આતશબાજીની સાથે-સાથે હવે ડિજિટલ ફટાકડાઓ અને વોટ્સએપ પર આવતી રેડીમેડ ફોર્વર્ડ શાયરીઓએ પણ જગ્યા લીધી છે. સગાંસંબંધીઓ કે મિત્રોને રૂબરૂ મળીને ભેટી પડવાને બદલે હવે આંગળીના ટેરવે એક જ મેસેજ સેંકડો લોકોને બ્રોડકાસ્ટ કરી દેવામાં આવે છે. પ્રશ્ન એ થાય કે, શું આ ડિજિટલ સ્ક્રીન પર દેખાતી ઝાકઝમાળ આપણા સંબંધોમાં સાચો પ્રકાશ પાથરી શકે છે? આજના સમયમાં ઘરોમાં એલઈડી લાઈટોની ઝાલર-માળાઓ લગાવીને ઘરને પ્રકાશિત કરી દેવામાં આવે છે, પરંતુ મનની દીવાલો પર જામેલા અંધકારનું શું? પહેલાં દિવાળી એટલે માત્ર દીવા પ્રગટાવવાનું પર્વ નહોતું, પણ અંદરના ભેદભાવ, ઈર્ષ્યા અને મનદુઃખને મિટાવીને એકબીજાને ગળે મળવાનો અવસર હતો. આજે ભલે મોટા મકાનો બની ગયા હોય, પણ ઘરની અંદર રહેતા લોકો વચ્ચેના અંતરો વધ્યા છે. આજના યુગની દિવાળી આપણને યાદ અપાવે છે કે બહાર ભલે ગમે તેટલા દીવા પ્રગટે, જો હૃદયમાં પ્રેમ અને સ્નેહનો દીવો ન પ્રજવળે, તો અંધકાર ત્યાં જ રહે છે. આજે આપણે ધનની દેવી લક્ષ્મીજીનું પૂજન તો ધામધૂમથી કરીએ છીએ, પણ સમય આવી ગયો છે કે આપણે લક્ષ્મીજીના સ્વરૂપને આજના પરિપ્રેક્ષ્યમાં સમજીએ. માત્ર સોનું, ચાંદી કે નોટોના ગડ્ડી જ લક્ષ્મી નથી. સમય, જ્ઞાન, સ્વાસ્થ્ય અને સદ્વિચારો પણ લક્ષ્મીજીનું જ સ્વરૂપ છે. આજના યુગમાં સૌથી મોટી સંપત્તિ જો કોઈ હોય, તો તે શાંત મન અને નિરામય સ્વાસ્થ્ય છે. આ દિવાળીએ આપણે એવો સંકલ્પ કરીએ કે માત્ર ધનથી નહીં, પણ સત્કાર્યો અને પરોપકારથી આપણા જીવનને સમૃદ્ધ બનાવીશું.

દિવાળી ત્યારે જ સાર્થક ગણાય, જ્યારે આપણા ઘરની સાથે-સાથે કોઈ નિરાધાર કે જરૂરિયાતમંદના જીવનમાં પણ અજવાળું ફેલાય. કોઈના સૂકા હોઠ પર સ્મિત લાવવું, કોઈ અસહાયને મદદરૂપ બનવું અને આપણા અહંકારના દીવાને ઓલવીને નમ્રતાનો દીવો પ્રગટાવવો- આ જ આજના સમયની ખરી દિવાળી છે. આવનારું આ નવું વર્ષ અને દીપાવલીપર્વ આપ સૌના જીવનમાં નવી આશા, નવો ઉત્સાહ અને સકારાત્મક ઊર્જા લઈને આવે, એ જ અભ્યર્થના!

દિવાળી સફાઈ : ઘરની અને સાથે વિચારોની પણ!

નીતા પી.જાદવ
રાજકોટ

દિવાળી આવે એટલે ઘરની સાફસફાઈ શરૂ થઈ જાય. વર્ષભર ખૂણામાં પડેલી ધૂળ, જૂનો સામાન, નકામી વસ્તુઓ અને કચરો બહાર કાઢવામાં આવે. ઘર ચોખ્ખું થાય, દીવા ઝળહળે અને વાતાવરણમાં નવી ઊર્જા પ્રસરે.



પણ એક સવાલ ક્યારેક આપણે પોતાને પણ પૂછવો જોઈએ—

'ઘરનો કચરો તો સાફ કર્યો,
પણ મનમાં વર્ષોથી પડેલો કચરો ક્યારે સાફ કરીશું?'

દિવાળી માત્ર ઘરની સફાઈનો તહેવાર નથી; તે વિચારોને ઉજાસ આપવાનો અવસર પણ છે. ઘરના ખૂણામાં રહેલી ધૂળ દેખાઈ જાય છે, પરંતુ મનના ખૂણામાં જામી ગયેલી જૂની વિચારસરણી ઘણી વખત દેખાતી નથી.

કેટલીક માન્યતાઓ એવી હોય છે, જે આપણે સાચી છે એમ માનીને પેઢી દર પેઢી આગળ ધપાવતા રહીએ છીએ. લોકો શું કહેશે?, આવું તો ક્યારેય ન થાય, સમાજ શું વિચારશે? જેવા પ્રશ્નો ઘણી વખત આપણા પોતાના નિર્ણય કરતાં વધારે શક્તિશાળી બની જાય છે.

પરંપરા સુંદર છે,
પણ વિચારવાની સ્વતંત્રતા પણ જરૂરી છે;
સંસ્કાર અમૂલ્ય છે,
પણ અંધમાન્યતા ક્યારેય સંસ્કાર નથી.

કોઈ વ્યક્તિ શું પહેરે, કોની સાથે લગ્ન કરે, સ્ત્રી શું કરી શકે, પુરુષે કેવી રીતે જીવવું જોઈએ, દીકરીએ કેટલું બોલવું અને દીકરાએ કેટલું રડવું—

આ બધું જો માત્ર જૂની માન્યતાઓના આધારે નક્કી થતું હોય, તો કદાચ હવે એ વિચારોની પણ સફાઈ જરૂરી છે.

દિવાળી પર જેમ આપણે તૂટેલી અને નકામી વસ્તુઓને ઘરમાંથી બહાર કાઢીએ છીએ, તેમ મનમાંથી અહંકાર, પૂર્વગ્રહ, ભેદભાવ, કટ્ટરતા અને મારી વાત જ સાચી એ વાળો આગ્રહ પણ બહાર કાઢવો જોઈએ.

દીવો ઘરમાં પ્રગટાવવો સહેલો છે, પણ એક દીવો વિચારોમાં પ્રગટાવવો મોટી વાત છે.

રોશની દિવાલો પર નહીં,
મનના અંધકાર પર કરવી છે.

જૂની દરેક વસ્તુ ખરાબ નથી અને નવી દરેક વસ્તુ સારી નથી. પરંપરાનું સાર સાચવવું જોઈએ, પરંતુ જે માન્યતા કોઈના જીવનને દુઃખ આપે, કોઈની સ્વતંત્રતા છીનવે કે માત્ર લોકો શું કહેશેના ડરથી જીવવા મજબૂર કરે, તેને ફરીથી વિચારવાનો સમય આવી ગયો છે.

આ દિવાળીએ ઘરની સાથે આપણા વિચારોની પણ સફાઈ કરીએ. જે વિચાર આપણને માણસથી માણસ દૂર કરે છે તેને વિદાય આપીએ અને જે વિચાર પ્રેમ, સમાનતા, સમજણ અને માનવતાની નજીક લાવે તેને સ્થાન આપીએ.

કચરો સળગાવવાથી માત્ર આંગણું સાફ થાય,
વિચાર બદલવાથી આખું જીવન ઉજળું થાય.

આ દિવાળીએ દીવા માત્ર ઘરમાં નહીં, વિચારમાં પણ પ્રગટાવીએ.

કારણ કે સાચી દિવાળી ત્યારે જ કહેવાય, જ્યારે બહારના અંધકાર સાથે અંદરના અંધકારને પણ પ્રકાશ મળે.

ઘર સાફ કરો, આંગણું સાફ કરો,
પણ એક વાર મન પણ સાફ કરજો
જૂની કટ્ટર માન્યતાઓને વિદાય આપી,

નવા વિચારોને પણ દીપાવલીનો દીવો ધરાવજો.



વાપી ગુંજન બજારમાં દિવાળીની ખરીદી માટે લોકો ઉમટયા

દિવાળીના તહેવારો ગુરુવારથી શરૂ થઈ રહ્યાં છે. ત્યારે આજે પૂર્વ સંધ્યાએ વાપી ગુંજન બજારમાં દિવાળીની સજાવટ માટે કોડિયા, રંગો, કપડાં, કટલરી, રંગબેરંગી સજાવટની લાઈટો વિગેરે ખરીદી માટે કીડિયારું ઉમટેલું જોવા મળ્યું હતું. સમગ્ર ગુંજન, ચાર રસ્તા, સહિત મુખ્ય માર્ગ ઉપર ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. આ ટ્રાફિક જામ આવનાર નવા વર્ષના દિવસ સુધી જોવા મળશે. જોકે પોલીસ તંત્ર પણ દરેક પોઇન્ટ ઉપર બંદોબસ્ત માં નજરે પડે છે પરંતુ ફૂટપાથ ઉપર નાના વેપારીઓને છૂટ આપી હોય વાહનો રોડને લાગુ પાર્ક થતાં આ સમસ્યા સર્જાઈ છે.

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના

ગ્રામ પંચાયત પળગામ



શ્રી ઉમેશભાઈ માછી (સરપંચ)

સભ્યો તથા તલાટીકમ મંત્રી

ગ્રામપંચાયતમાં વેરો સમયસર ભરી ગામ વિકાસમાં સહભાગી બનો

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના

ગ્રામ પંચાયત ભિલાડ



સરપંચ શ્રીમતી વૈશાલીબેન કપીલભાઈ જાદવ

તથા સભ્યોશ્રીઓ

ગ્રામપંચાયતમાં વેરો સમયસર ભરી ગામ વિકાસમાં સહભાગી બનો

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના



શ્રી મુકેશ પટેલ

પૂર્વ જીલ્લા પંચાયત સભ્ય

ગ્રામ પંચાયત સંજણ



શ્રી ગુલાબભાઇ (સરપંચ)

ઉપસરપંચ, તલાટી કમ મંત્રીશ્રી, તથા સભ્યો

ઉમરગામ તાલુકા વિસ્તારની તમામ જનતાને દિવાળી તથા નવા વર્ષની હાર્દિક શુભેચ્છા

ગ્રામ પંચાયત મોહનગામ

સરપંચ

લલીતાબેન સતિષભાઈ

સભ્યો તથા તલાટીકમ મંત્રી

ગ્રામપંચાયતમાં વેરો સમયસર ભરી ગામ વિકાસમાં સહભાગી બનો

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના



જલારામ ટ્રેડર્સ

તેલ, ખાંડના જથ્થાબંધ વેપારી

સૃષ્ટિ એપાર્ટમેન્ટ, શોપ નં. ૨૪, ઉમરગામ

JALARAM TRADERS
DEALERS IN: ALL TYPES OF EDIBLE OIL & SUGAR
Shrushti apt.opp power house station road umbergaon 396170 , dist Valsad .tel 0260 2560104 Gujarat no.9898381825/9558843002
Email: anil.jalaram@ gmail.com

HINDUSTAN TRADING CO.
DEALERS IN: ALL TYPES OF PAN MASALA & TOBECCO PRODUCT
Shrushti apt.opp power house station road umbergaon 396170 dist Valsad .tel 0260 2560104 Gujarat no.9898381825/9558843002
Email: anil.jalaram@ gmail.com

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના

એક શુભેચ્છક


RS

Happy Diwali & Happy New Year From

3D®

Precision in Every Dimension

Billets Elektro Werke Pvt. Ltd.



Factory Address : BILLETS ELEKTRO WERKE PVT. LTD. Survey No. 181/1/A/P1 Phase III, G.I.D.C Umbergaon-396171 - Gujarat (India)



દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ
નિમિત્તે હાર્દિક શુભકામના



મહેતા ટ્યૂબ

ઉમરગામ

ગ્રામ પંચાયત નારગોલ





શ્રીમતી સ્વીટીબેન યતિનભાઈ ભંડારી
(સરપંચશ્રી)
તથા તલાટી કમ મંત્રીશ્રી તથા સભ્યો

ગ્રામપંચાયતમાં વેરો સમયસર ભરી ગામ વિકાસમાં સહભાગી બનો

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ
નિમિત્તે હાર્દિક શુભકામના







એન. આર. અગ્રવાલ
પેપરમીલ સરીગામ

Happy Diwali & Wish Your Prosperous New Year





INFINITY



INFRATECH.

Coarse & Fine Aggregates, Concrete Pipes &
Special Concrete Elements.

Office : 240/241, Heena Arcade, G.I.D.C. Crossroad,
Vapi-396 191. Disst.: Valsad, Guj.
Works: Karajgam, Via GIDC, Sarigam, Tal. Umargam

દમણગંગા ટાઈમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Thursday 05, November 2026

અમેરિકાની મધ્યસત્ર ચૂંટણી

અમેરિકાની ચૂંટણી સિસ્ટમ વિશ્વથી અલગ છે અને મધ્યસત્ર ચૂંટણીઓનાં પરિણામ એક-બે અપવાદો બાદ કરતાં સત્તામાં હોય એ પક્ષની વિરુદ્ધ આવવાનો ઈતિહાસ છે. છેલ્લા ત્રણેક દાયકામાં માંડ બે વાર સત્તાધારી પક્ષને જીત મળી છે. એક ૧૯૯૮માં બિલ ક્લિન્ટન અને બીજું ૨૦૦૨માં જ્યોર્જ ડબ્લ્યુ. બુશને. ડોનાલ્ડ ટ્રમ્પની અપ્રૂવલ રાટિંગ ઓક્ટોબરમાં ૩૬ ટકા હતી, આથી નિયમ જેવા અપવાદને તેઓ પોતાની તરફેણમાં પલટી શકે એવી શક્યતાઓ આછીપાતળી જણાય છે. ટ્રમ્પની નીતિઓને કારણે દુનિયાના અનેક દેશોને સહેવાનું આવ્યું છે, પણ સૌથી વધુ અસર કદાચ અમેરિકાના નાગરિકો પર થઈ છે અને આ મધ્યસત્ર ચૂંટણીઓ એક રીતે ટ્રમ્પની નીતિઓ અંગેનો જનમત સંગ્રહ છે પણ તેનાં પરિણામોનો પ્રભાવ અમેરિકાની સીમાઓની બહાર પણ પડશે. અત્યારે અમેરિકન કોંગ્રેસના (સંસદ) બંને ગૃહોમાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી અને વિરોધી ડેમોક્રેટ્સ વચ્ચેનું સંતુલન એવું છે કે, ચૂંટણીમાં થોડીક બેઠકોનો ફરક પણ પલડું બીજી તરફ નમાવી શકે છે. ડેમોક્રેટ્સ તરફ પલડું નમ્યું તો ટ્રમ્પ નબળા પડશે, પણ એનો અર્થ એ જરાય નથી કે, તેમની નિર્ણય લેવાની ક્ષમતા નબળી પડશે, તેમની પાસે વિટો પાવર તો રહેશે જ અને તેનો ઉપયોગ પૂરેપૂરો કરી મિ. વિટો બનવાનું વચન તેઓ પહેલા જ આપી ચૂક્યા છે. આથી, ચૂંટણીનાં પરિણામોને કારણે ઘણું બધું બદલાશે અને ખરેખર તો કશું જ નહીં બદલાય એવી પરિસ્થિતિ છે. ટ્રમ્પનો પરાજય એ વાતનું પ્રતિપાદન હશે કે, મેક અમેરિકા ગ્રેટ અગેઈન ઝુંબેશ નબળી પડી છે. ચૂંટણી પૂર્વેનાં સર્વેક્ષણોમાં મતદારોએ અર્થતંત્રને સૌથી મહત્ત્વનો મુદ્દો ગણાવ્યો છે, ક્રૂડના ભડકે બળતા ભાવ, ટેરિફ નીતિને પગલે ફુગાવો-મોંઘવારી વધ્યા છે, બેરોજગારી પણ મોટો મુદ્દો છે. જો કે, ટ્રમ્પને મતદારો-નાગરિકોની યાતનાઓ કરતાં પોતાની છબીની વધુ ચિંતા છે, એવું વારંવાર પુરવાર થયું છે અને પોતાના કાર્યકાળમાં અમેરિકન અર્થતંત્ર ફૂલગુલાબી થયું છે એવાં બણગાં તેઓ વારંવાર ફૂંકે છે. વિરોધીઓએ ફુગાવા માટે ઈરાન યુદ્ધને જવાબદાર ઠેરવ્યું છે. જો કે, એઆઈમાં જોરદાર રોકાણને પગલે અમેરિકન શૅરબજારોમાં તેજી છે, પણ ક્રૂડના ભાવ વધતા રહેશે તો આ ફુગ્ગો ફૂટતાં વાર નહીં લાગે. યાદ કરો, ૨૦૨૨માં ક્રિપ્ટોની તેજીનો તોખાર પૂરઝડપે હતો ત્યારે રશિયા-યુક્રેન યુદ્ધને પગલે ક્રિપ્ટોની ચડતી કળાને ગ્રહણ લાગ્યું હતું, આવું એઆઈની બાબતમાં નહીં થાય એની ખાતરી કોઈ આપી શકે એમ નથી. ધારો કે, ટ્રમ્પના પક્ષને બંને ગૃહોમાં બહુમતી મળે છે તો પછી તેઓ ઝાલ્યા નહીં ઝલાય અને યુદ્ધ મોરચે વધુ આક્રમક બનશે અને ડેમોક્રેટ્સ જીત્યા તો પણ યુદ્ધ નહીં અટકે, હા યુદ્ધ બજેટ બાબતમાં ટ્રમ્પના હાથ જરૂર બંધાઈ જશે. એક સર્વેક્ષણ અનુસાર, બંને ગૃહોમાં ડેમોક્રેટસનો હાથ ઉપર રહે એવી શક્યતા ૭૩ ટકા જેટલી ઊંચી છે. યુરોપ સાથેના તંગ થયેલા સંબંધો ડેમોક્રેટ્સનું બળ વધતાં હળવા બની શકે છે. વળી, યુક્રેન પ્રત્યે તેમની સહાનુભૂતિ જગજાહેર છે. ભારત માટે આ ચૂંટણીનાં પરિણામો કેવાં સાબિત થશે? ભારત-અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલ છેલ્લા ઘણા સમયથી અંતિમ તબક્કામાં છે, આવામાં ડેમોક્રેટ્સનું સંખ્યાબળ કોંગ્રેસમાં વધશે તો વિલંબ વધશે. જો કે, આ બાબત ભારતની તરફેણમાં જઈ શકે છે કેમ કે, ડેમોક્રેટ્સનું માનવું છે કે, ટ્રમ્પની ટેરિફ નીતિ દેશમાં મોંઘવારી-ફુગાવો વધારવાનું મહત્ત્વનું કારણ છે. જો કે, રાતોરાત કે તળિયાઝાટક ફેરફારની આશા રાખવી વધુ પડતી છે. ટ્રમ્પના કાર્યકાળનો ઉત્તરાર્ધ પણ પૂર્વાધ જેવો જ રહેશે- અનિશ્ચિતતાથી સભર.

૭.૮૫ લાખ કરોડનું સંરક્ષણ બજેટ

સેનાના આધુનિકીકરણ માટે કેન્દ્રની મોટી તૈયારી

(સંપૂર્ણ સમાચાર સેવા)
જેસલમેર, તા.૪: બદલાતા વૈશ્વિક સુરક્ષા પરિદૃશ્ય અને આધુનિક યુદ્ધની પદ્ધતિઓને ધ્યાનમાં રાખીને ભારતે સશસ્ત્ર દળોના આધુનિકીકરણની દિશામાં તૈયારીઓ તેજ કરી છે. રક્ષામંત્રી રાજનાથ સિંહે રાજસ્થાનના જેસલમેરમાં સંરક્ષણ મંત્રાલયની સંસદીય સલાહકાર સમિતિની બેઠકની અધ્યક્ષતા કરતાં સેનાની ક્ષમતામાં વધારો કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે દેશનું સંરક્ષણ બજેટ વધારીને રૂ.૭.૮૫ લાખ કરોડ કરવામાં આવ્યું છે. સરકારનો ઉદ્દેશ માત્ર બજેટ વધારવાનો જ નહીં, પરંતુ તેનો અસરકારક ઉપયોગ કરીને સેનાને આધુનિક ટેક્નોલોજીથી સજ્જ કરવાનો પણ છે.

રાજનાથ સિંહે જણાવ્યું હતું કે દુનિયામાં ઝડપથી બદલાઈ રહેલી ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિઓની સીધી અસર ભારતની સુરક્ષા પ્રાથમિકતાઓ પર પડે છે. આવા સંજોગોમાં ભારતીય સશસ્ત્ર દળોનું સતત આધુનિકીકરણ અનિવાર્ય છે.

તેમણે સંરક્ષણ ક્ષેત્રમાં સ્વદેશી ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને આત્મનિર્ભરતા હાંસલ કરવાની સરકારની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો હતો. આધુનિક હથિયારો, ટેક્નોલોજી અને સંરક્ષણ સાધનોના વિકાસ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

બેઠક દરમિયાન રક્ષામંત્રીએ ભારતીય સેનાની આધુનિકીકરણ યોજનાની મહત્ત્વપૂર્ણ વિગતો પણ રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે હવે ભારતીય સેનાની દરેક ઈન્ફન્ટ્રી બટાલિયનને પોતાની ડ્રોન યુનિટથી સજ્જ કરવાની યોજના છે.આ વ્યવસ્થાથી પાયદળના જવાનોને દુશ્મનની ગતિવિધિઓ પર નજર રાખવા અને જરૂરી માહિતી મેળવવા માટે અન્ય સૈન્ય સંસાધનો પર નિર્ભર રહેવું નહીં પડે. ડ્રોન ટેક્નોલોજીના ઉપયોગથી સેનાની દેખરેખ અને માહિતી એકત્રિત કરવાની ક્ષમતામાં વધારો થશે.

રક્ષામંત્રીએ ભારતીય સેનામાં નવી રચાઈ રહેલી ભૈરવ યુનિટની ઉપયોગિતા અંગે પણ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે બદલાતી યુદ્ધપ્રણાલીને અનુરૂપ અગ્નિ, ભૈરવ અને શક્તિબાણ જેવી નવી સૈન્ય રચનાઓ વિકસાવવામાં આવી રહી છે. સેનાની યોજના ભૈરવ યુનિટની કુલ ૨૫ બટાલિયન તૈયાર કરવાની છે. આ પ્રકારની વિશેષ રચનાઓથી નાના અને મર્યાદિત સૈન્ય અભિયાનો હાથ ધરવાની ક્ષમતા વધશે અને આ

વા અભિયાનો માટે અન્ય વિશેષ દળો પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળશે. દિલ્હીની બહાર જેસલમેરમાં બેઠક યોજવા પાછળનો હેતુ સમજાવતાં રાજનાથ સિંહે જણાવ્યું હતું

કે સરહદી અને અગ્રિમ વિસ્તારોમાં આવી બેઠકો યોજવાથી સંસદીય સમિતિના સભ્યોને જમીની પરિસ્થિતિ સમજવાની તક મળે છે.

ભારત સહિત ૪ દેશોના જહાજોને હોર્મુઝમાંથી પસાર થવાની છૂટ:ઈરાન



(સંપૂર્ણ સમાચાર સેવા)
તેહરાન, તા.૪ : ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભયાનક યુદ્ધ વચ્ચે મિડલ ઈસ્ટથી એક સારા સમાચાર સામે આવ્ય છે. માહિતી અનુસાર ઈરાને ભારત સહિત ૪ દેશોને હોર્મુઝમાંથી જહાજોની અવર-જવર કરવાની છૂટ આપી દીધી છે. આ ૪ દેશોમાં ચીન, ઈરાક અને કતાર પર સામેલ છે.

ઈરાનની સંસદની સુરક્ષા અને વિદેશ નીતિ સમિતિના ઉપાધ્યક્ષ અમીર હયાત મોકાદમે ઈરાની મીડિયાને જણાવ્યું કે આ ચાર દેશોના જહાજોને હોર્મુઝના દરિયાઈ માર્ગેથી જહાજોની અવર-જવરની છૂટ આપી દેવામાં આવી છે. તેમણે કહ્યું કે હાલમાં ભારત, ચીન, ઈરાક અને કતારને આ છૂટનો ફાયદો મળશે. તેમના જહાજોને કોઇ રોક-ટોક નહીં કરવામાં આવે. અમેરિકા પણ એમના જહાજોને રોકતું નથી.

હયાતે કહ્યું કે અમારી આ છૂટ ઈરાન અને ચારેય દેશો વચ્ચેના પરસ્પર હિત દર્શાવે છે. અમારી તરફથી ભારતીય જહાજોને અવર-જવરમાં મદદ કરવામાં આવી રહી છે જેથી ઈરાન ભારતથી દવાઓની આયાત વધારી શકે. જ્યારે ચીનના જહાજોને આ છૂટ બેઈજિંગનું રાજકીય સમર્થન મેળવવાના ઉદ્દેશ્યથી આપવામાં આવી છે. જોકે ઈરાન ભારત અને ચીનના જહાજો પાસેથી ટ્રાન્ઝિટ ચાર્જ વસૂલે છે પરંતુ કતારના જહાજોને કોઈપણ પ્રકારના ચાર્જ વિના જવા દે છે. હતાયે એ સ્પષ્ટ ન કર્યું કે ઈરાકના જહાજોએ આ ટ્રાન્ઝિટ ચાર્જ ચૂકવવો પડે છે કે નહીં? ઉલ્લેખનીય છે કે હોર્મુઝ દુનિયાના સૌથી મહત્ત્વપૂર્ણ શિપિંગ રુટ પૈકી એક છે. એના માધ્યમથી જ ગલ્ફ દેશોથી આંતરરાષ્ટ્રીય બજાર સુધી ભારે માત્રામાં ઓઈલ અને ગેસનો સપ્લાય થાય છે.

૭૫% અગ્નિવીરોને હવે ૬ વર્ષ સુધી સેનામાં સેવા કરવાની તક મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૪ : ભારતીય સશસ્ત્ર દળોમાં સેવા આપતા અગ્નિવીરો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ એન.એસ. રાજા સુબ્રમણિએ અગ્નિવીરોના સેવાકાળને લઈને મોટી જાહેરાત કરી છે. મળતી માહિતી મુજબ, અગ્નિપથ યોજના હેઠળ ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરનારા ૭૫ ટકા અગ્નિવીરોને વધુ બે વર્ષ સુધી સેવામાં રહેવાની તક આપવામાં આવશે. આ નિર્ણયથી હવે પસંદગીના અગ્નિવીરોનો કુલ સેવાકાળ ચાર વર્ષથી વધીને છ વર્ષ થઈ શકશે.

અત્યાર સુધી અગ્નિપથ યોજના હેઠળ ચાર વર્ષનો સેવાકાળ પૂર્ણ થયા બાદ માત્ર ૨૫ ટકા અગ્નિવીરોને નિયમિત કેડરમાં સામેલ કરવાની જોગવાઈ હતી. જ્યારે બાકીના ૭૫ ટકા અગ્નિવીરોને સેવા પૂર્ણ થયા બાદ સેનામાંથી મુક્ત કરવામાં આવતા હતા.

જોકે, નવા નિર્ણય મુજબ નિયમિત કેડરમાં સામેલ ન થનારા પસંદગીના ૭૫ ટકા અગ્નિવીરોને વધુ બે વર્ષ સેવા કરવાની તક મળશે. આ સેવા લંબાવવાનો નિર્ણય સંબંધિત અગ્નિવીરની સંમતિ અને પસંદગીના આધારે રહેશે.

આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે અગ્નિપથ યોજના હેઠળ ભરતી થયેલા પ્રથમ બેચના અગ્નિવીરોનો ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ થવા જઈ રહ્યો છે. નવેમ્બર ૨૦૨૬ના મધ્યથી પ્રથમ બેચના અગ્નિવીરોને તબક્કાવાર મુક્ત કરવાની પ્રક્રિયા શરૂ થવાની હતી.

પ્રથમ બેચમાં ત્રણેય સૈન્ય પાંખોમાં કુલ ૨૪,૪૦૦ અગ્નિવીરોની ભરતી કરવામાં આવી હતી. જેમાં આશરે ૧૮,૩૦૦ અગ્નિવીરો ચાર વર્ષ પૂર્ણ થયા બાદ સેવામાંથી બહાર થવાના હતા.

કેન્દ્ર સરકારે જૂન ૨૦૨૨માં ભારતીય સેનાને વધુ યુવા અને આધુનિક બનાવવા માટે અગ્નિપથ યોજનાની શરૂઆત કરી હતી. આ યોજના હેઠળ આર્મી, નેવી અને એરફોર્સમાં ચાર વર્ષ માટે અગ્નિવીરોની ભરતી કરવામાં આવે છે.

ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ ૨૫ ટકા અગ્નિવીરોને નિયમિત સૈન્ય કેડરમાં સામેલ કરવાની જોગવાઈ છે. આ ઉપરાંત બાકીના અગ્નિવીરોને સેવા પૂર્ણ થયા બાદ અન્ય ક્ષેત્રોમાં રોજગારીની તકો મળે તે માટે વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

હાલમાં ભારતીય સશસ્ત્ર દળોમાં અગ્નિવીરોની નોંધપાત્ર સંખ્યા સેવા આપી રહી છે. ઉપલબ્ધ અહેવાલ મુજબ, ભારતીય આર્મીમાં આશરે ૨.૭૦ લાખ, એરફોર્સમાં ૨૭ હજાર અને નેવીમાં લગભગ ૨૧ હજાર અગ્નિવીરો કાર્યરત છે.

સૈન્યમાં અગ્નિવીરોના પ્રદર્શન અને તેમની કાર્યક્ષમતાને ધ્યાનમાં રાખીને સેવા લંબાવવાનો નિર્ણય મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. જોકે, આ નિર્ણયના અમલીકરણ, પસંદગીના માપદંડો અને અન્ય શરતો અંગેની સત્તાવાર વિગતોની સ્પષ્ટતા થવી જરૂરી છે.

અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં ટ્રમ્પને મોટો ઝટકો

હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ડેમોક્રેટ્સનો કબજો, ટ્રમ્પની પાર્ટીની કારમી હાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૪
અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બે વર્ષના કાર્યકાળ બાદ યોજાયેલી મિડટર્મ ચૂંટણીઓ ના પ્રારંભિક પરિણામો અને ટ્રેન્ડ્સે વોશિંગ્ટનના રાજકારણમાં ભૂકંપ સર્જ્યોછે. તમામ પૂર્વ-ચૂંટણી સર્વેના અંદાજો સાચા ઠેરવતા ડેમોક્રેટિક પાર્ટીએ રિપબ્લિકન પાર્ટીના પરંપરાગત ગઢ ગણાતા વિસ્તારોમાં ભારે ગાબડું પાડ્યું છે. સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ બંનેમાં ડેમોક્રેટ્સે મોટો ઉછાળો માર્યોછે. આ ચૂંટણીમાં ભારતીય સમુદાય માટે પણ મોટા સમાચાર સામે આવ્યા છે, જેમાં ફ્લોરિડાથી ભારતીય મૂળના ડેમોક્રેટ ઉમેદવાર પિયા ડાંડિયા અને વર્જિનિયાથી સુહાસ સુબ્રમણ્યમ વિજેતા બન્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરના મધ્યસત્રના ચૂંટણીના પરિણામમાં હાર સ્વીકારવા તૈયારી બતાવી દીધી છે. આ સાથે તેમણે સવાલો ઊઠાવતા કહ્યું કે બેલેટ પેપર પર મારું નામ હોત તો કદાચ અમે ભારે બહુમતથી ચૂંટણી જીતી ગયા હોત. જોકે હું હાર સ્વીકારીને ડેમોક્રેટ્સ સાથે મળીને કામ કરવા તૈયાર છું. ઉલ્લેખનીય છે કે આ હારથી ટ્રમ્પને હવે મોટો ઝટકો લાગશે અને તે યુદ્ધમાં બેફામ નિર્ણયો લેતા અટકી શકે છે.

ટ્રમ્પે કહ્યું કે હું ચૂંટણી મેદાનમાં નહોતો. જો હું ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઉતર્યો હોત તો રિપબ્લિકન્સ ભારે બહુમતથી જીત્યા હોત. જોકે લોકો ટ્રમ્પની આ પ્રતિક્રિયાની મજાક પણ ઉડાવી રહ્યા છે. ઓહિયો ગવર્નર પદની રેસમાં ભારતીય મૂળના વિવેક રામાસ્વામી હારી ગયા છે. ડેમોક્રેટ એમી એક્ટને રિપબ્લિકન નેતા વિવેકને હરાવી દીધા છે. અમેરિકાના મિડટર્મ ચૂંટણી પરિણામોમાં મોટો ઉલટફેર જોવા મળ્યોછે. સીએનએન ના અંદાજ મુજબ, ડેમોક્રેટિક પાર્ટીએ સત્તાધારી રિપબ્લિકન પાર્ટીને માત આપીને સંસદના નિચલા સદન 'હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ' પર નિયંત્રણ મેળવી લીધું છે.

આ પરિણામથી અમેરિકાના રાજકારણમાં સત્તાનું સંતુલન બદલાશે અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટે પોતાના એજન્ડા અને નીતિઓ આગળ ધપાવવા મોટા પડકારો ઉભા થશે

.મતદાર માહિતીઅમેરિકામાં ટ્રમ્પની પાર્ટીને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. ડેમોક્રેટિક પાર્ટીએ રિપબ્લિકન પક્ષ પાસેથી સાઉથ કેરોલિનાની સીનેટ સીટ છીનવી લીધી છે. છેલ્લા ત્રણ દાયકાથી આ સીટ સ્વર્ગસ્થ સાંસદ લિન્ડસે ગ્રેહામ પાસે હતી, જ્યાં હવે ડેમોક્રેટિક પાર્ટીના એની એન્ડ્રુઝે જીત હાસિલ કરી છે.

ઈઝરાયેલને અમેરિકાની વાર્ષિક સહાય બંધ થશે?

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૪
અમેરિકામાં યોજાઈ રહેલી મધ્યાવધિ ચૂંટણીઓ ના ઘમાસાણ વચ્ચે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક અત્યંત ચોંકાવનારી અને ઐતિહાસિક જાહેરાત કરી છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે આ વર્ષ (૨૦૨૬) ના અંત પછી અમેરિકા દ્વારા ઈઝરાયલને દર વર્ષે આપવામાં આવતી ૪ અબજ ડોલરની આર્થિક સહાય સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે આ વાર્ષિક ફંડિંગ અટકાવવા અંગે સહમતિ બની હોવાનો દાવો કરતા ટ્રમ્પે ઉમેર્યું હતું કે ઈઝરાયલને હવે આર્થિક મદદની કોઈ જરૂર નથી. જોકે, તેમણે સ્પષ્ટતા કરી હતી કે અમેરિકા ઈઝરાયલને શસ્ત્રોનું વેચાણ ચાલુ રાખશે અને જો ભવિષ્યમાં કોઈ મોટી જરૂરિયાત ઊભી થશે તો અમેરિકા તેની પડખે ઊભું રહેશે. ટ્રમ્પના આ નિર્ણયથી અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે દાયકાઓ જૂના સૈન્ય સંબંધોમાં મોટા ફેરફારના સંકેતો મળી રહ્યા છે. ટ્રમ્પના મતે આ નિર્ણયથી ઈઝરાયલને અપાતી અંધાધૂંધ મદદ મામલે રિપબ્લિકન પાર્ટી પર પ્રહારો કરતા વામપંથી ડેમોક્રેટ્સના તર્કો નબળા પડી જશે. આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે મિડટર્મ ચૂંટણીઓમાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના હાથમાંથી 'હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ' (પ્રતિનિધિ સભા) નું નિયંત્રણ છીનવાઈ જવાનો મોટો ખતરો મંડરાઈ રહ્યો છે.

ભૂટાન સરકારનું મોદીને વિશેષ સન્માન

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી/થિમ્પુ, તા.૪: ભારત અને ભૂટાન વચ્ચેના ગાઢ સંબંધોનું વધુ એક પ્રતીક સામે આવ્યું છે. ભૂટાન સરકારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિશેષ સન્માન આપતાં ૧૦૮ બૌદ્ધ સ્તૂપમાંથી ૭૬મો સ્તૂપ તેમના નામે સમર્પિત કર્યો છે. જાંગચુબ ચોર્ટેન નામથી ઓળખાતા આ સ્તૂપને ભારત અને ભૂટાન વચ્ચેની મિત્રતા, આધ્યાત્મિક જોડાણ અને સહિયારા સાંસ્કૃતિક વારસાના પ્રતીક તરીકે જોવામાં આવે છે. આ સન્માન બદલ વડાપ્રધાન મોદીએ ભૂટાનના રાજા અને ત્યાંના લોકોનો આભાર વ્યક્ત કર્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને ભૂટાનના રાજા અને નાગરિકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ સન્માન તેમના માટે ભાવુક કરી દેનારી ક્ષણ છે અને તેઓ તેને ભારતની જનતા વતી સ્વીકારે છે.

મોદીએ વધુમાં જણાવ્યું હતું કે આ સ્તૂપ આવનારા સમયમાં ભારત અને ભૂટાન વચ્ચેના મજબૂત સંબંધો તેમજ બંને દેશોના સહિયારા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાની યાદ અપાવતો રહેશે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ભૂટાનના ગેલેફુ માઈન્ડફુલનેસ સિટીમાં એક વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન માત્ર છ કલાકમાં ૧૦૮ બૌદ્ધ સ્તૂપોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં ૭૬મો જાંગચુબ ચોર્ટેન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સમર્પિત કરવામાં આવ્યો હતો. આ સિદ્ધિને ભૂટાનના ધાર્મિક અને સાંસ્કૃતિક ઈતિહાસની મહત્ત્વપૂર્ણ ઘટના તરીકે જોવામાં આવી રહી છે.

૭૬મા સ્તૂપને વડાપ્રધાન મોદીને સમર્પિત કરતી તકતીનું અનાવરણ ભૂટાનના રાજા અને ભારતના કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજૂ દ્વારા કરવામાં આવ્યું હતું.

અમેરિકી સેનેટમાં પ્રથમ મુસ્લિમ ચૂંટાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૪ : અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર અબ્દુલ અલ-સૈયદે ઐતિહાસિક જીત મેળવી છે. મિશિગન રાજ્યની સેનેટ બેઠક પર તેમણે રિપબ્લિકન ઉમેદવાર માઈક રોજર્સને હરાવી અમેરિકી સેનેટમાં ચૂંટાનારા પ્રથમ મુસ્લિમ બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. વ્યવસાયે ડોક્ટર અને પ્રગતિશીલ વિચારધારા ધરાવતા અલ-સૈયદની જીતને અમેરિકાના રાજકીય ઈતિહાસમાં મહત્ત્વપૂર્ણ ઘટના માનવામાં આવી રહી છે.

અલ-સૈયદ અગાઉ વેન કાઉન્ટીના સ્વાસ્થ્ય વિભાગના ડિરેક્ટર તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. આ વર્ષે યોજાયેલી ડેમોક્રેટિક પાર્ટીની પ્રાઈમરી ચૂંટણીમાં તેમણે પાર્ટીના સ્થાપિત નેતૃત્વના સમર્થન ધરાવતા હેલી સ્ટીવન્સને હરાવી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ત્યારબાદ મુખ્ય ચૂંટણીમાં રિપબ્લિકન ઉમેદવાર માઈક રોજર્સ સામે પણ તેમણે જીત મેળવી હતી. પોતાની જીત બાદ અલ-સૈયદે સમર્થકોને સંબોધતા કહ્યું હતું કે, મતદારોએ તેમને પોતાના ઘરો, ચર્ચ અને યહૂદી પ્રાર્થનાસ્થળો સુધી આવકાર્યા હતા. તેમણે દોઢ વર્ષથી મિશિગનનાં મોટાં શહેરોથી લઈને નાનાં ગામડાં સુધી ચાલેલા જનસંપર્ક અભિયાનને જીતનું શ્રેય આપ્યું હતું. મુશ્કેલ સમયમાં મતદારોએ તેમને હિંમત અને શક્તિ આપી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. અબ્દુલ અલ-સૈયદનો ભારત સાથે પણ ખાસ સંબંધ છે. તેમનાં પત્ની ડો. સારા જુકાકૂનો પરિવાર દક્ષિણ ભારતના કર્ણાટક રાજ્ય સાથે જોડાયેલો છે. તેમનો પરિવાર મેંગલુરુથી આશરે ૧૪૦ કિલોમીટર દૂરના વિસ્તાર સાથે સંબંધ ધરાવે છે.

ડો. સારા જુકાકૂના દાદા શમશુદ્દીન મૈસૂર રાજ્યના રાજકારણમાં સક્રિય રહ્યા હતા.

દમણગંગા ટાઈમ્સ

NEWS CORPORATE NEWS

ગુજરાતમાં FY26 દરમિયાન પ્રસૂતિ અને સ્ત્રીરોગ સંબંધિત ક્લેમ્સમાં ૩૭ ટકા વધારો

સુરત, તા.૦૨ : સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્શ્યોરન્સ કંપનીના ક્લેમ ડેટા મુજબ ગુજરાતમાં મહિલાઓના આરોગ્ય સેવાઓની માંગ સતત વધી રહી છે. FY25ની સરખામણીમાં FY26 દરમિયાન પ્રસૂતિ અને સ્ત્રીરોગ સંબંધિત ક્લેમ્સમાં ૩૭ ટકા વધારો નોંધાયો છે. આ વલણ માતૃત્વ અને નવજાત શિશુની સંભાળમાં પણ જોવા મળ્યું છે. FY26 દરમિયાન નિયોનેટોલોજી અને પેરિનેટોલોજી સંબંધિત ક્લેમ્સમાં ૩૬ ટકા વધારો થયો છે. આ વધારો દર્શાવે છે કે મહિલાઓના જીવનના વિવિધ તબક્કામાં સમયસર સલાહ, નિદાન અને નિષ્ણાત સારવારની જરૂરિયાત વધી રહી છે. સાથે જ, વધુ મહિલાઓ સારવાર લેવા અને પોતાના આરોગ્ય વીમાનો ઉપયોગ કરવા માટે આગળ આવી રહી છે, જે આરોગ્ય અંગે વધતી જાગૃતિનો પણ સંકેત આપે છે. ક્લેમ્સના વ્યાપક આ

'કડાઓ વૃદ્ધ વયના લોકોમાં પણ આરોગ્ય સેવાઓની નોંધપાત્ર જરૂરિયાત દર્શાવે છે.

FY26 દરમિયાન ગુજરાતમાં સેટલ થયેલા કુલ ક્લેમ્સમાંથી ૪૬ થી ૬૫ વર્ષની વયના લોકોનો હિસ્સો ૩૮ ટકા રહ્યો, જેમાં ૫૬ થી ૬૫ વર્ષની વયના લોકોનો હિસ્સો ૨૧ ટકા હતો. આથી સ્પષ્ટ થાય છે કે વધતી ઉંમર સાથે નિયમિત આરોગ્ય તપાસ અને સમયસર સારવારનું મહત્વ વધી જાય છે.

સરકારમાં મીની વેકેશન ૯મી નવેમ્બરે સરકારી કચેરીઓમાં રજા જાહેર

અમારા પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૪ : રાજ્યના સરકારી કર્મચારીઓ દિવાળીનો તહેવાર પોતાના વતનમાં પરિવાર સાથે આનંદપૂર્વક ઉજવી શકે તે હેતુસર ગુજરાત સરકારે લીધેલા નિર્ણય મુજબ, સામાન્ય વહીવટ વિભાગે, આદેશ જારી કર્યો છે. જે મુજબ, આગામી ૯મી, નવેમ્બર ૨૦૨૬, સોમવારના રોજ રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં રજા રહેશે. આ આદેશ રાજ્યની તમામ સરકારી કચેરીઓ તેમજ પંચાયત અને રાજ્ય સરકારના બોર્ડ તથા કોર્પોરેશનોને પણ લાગુ પડશે. વર્ષ ૨૦૨૬ મુજબ ૮મી,ના રવિવારે દિવાળી, ૧૦મીના મંગળવારે નૂતન વર્ષ અને ૧૧મીના બુધવારે ભાઈબીજની જાહેર રજાઓ આવેલી છે. હવે, વચ્ચે આવતા સોમવાર એટલે કે ૯મી, નવેમ્બરના રોજ કચેરી ચાલુ રહેવાની હતી પરંતુ કર્મચારીઓની સગવડતા ખાતર સરકાર દ્વારા આ દિવસે રજા જાહેર કરવામાં આવી છે. આ સોમવારની રજાના બદલામાં આગામી મહિનામાં એટલે કે ૨૮મી, નવેમ્બર ૨૦૨૬ના ચોથા શનિવારના રોજ તમામ સરકારી કચેરીઓ ચાલુ રહેશે.

સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આ આ રજા વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની જોગવાઈઓ હેઠળ જાહેર કરવામાં આવી નથી.

કેન્દ્રના ધોરણે રાજ્ય સરકારના કર્મચારીઓ-પેન્શનરોના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો

છઠ્ઠા અને સાતમા પગાર પંચનો લાભ મેળવતા ૪.૬૨ લાખ કર્મયોગીઓ અને ૫.૦૭ લાખ પેન્શનર્સને લાભ મળશે

અમારા પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૪ : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં કેન્દ્ર સરકારના ધોરણે ૩ ટકાનો વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. મોંઘવારી ભથ્થામાં આ વધારાનો લાભ ૧લી, જુલાઈ, ૨૦૨૬થી અમલી બનશે. છઠ્ઠા તેમજ સાતમા પગાર પંચનો લાભ મેળવતા રાજ્ય સેવાના, પંચાયત સેવાના તથા અન્ય સંસ્થાઓના કુલ ૪.૬૨ લાખ કર્મયોગીઓ અને અંદાજે ૫.૦૭ લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ મળીને કુલ ૯.૬૯ લાખથી વધુ પરિવારોને લાભ મળશે.

જુલાઈ-૨૦૨૬ થી ઓક્ટોબર-૨૦૨૬ સુધીના ૪ માસની તફાવતની રકમ એક જ હપ્તામાં ચૂકવવામાં આવશે. આ એરિયર્સની રકમ નવેમ્બર-૨૦૨૬ ના પગાર સાથે કર્મચારીઓ અને પેન્શનરોના ખાતામાં જમા કરી દેવાશે. કર્મચારીઓને ૪ માસના એરિયર્સ પેટે રાજ્ય સરકાર કુલ મળીને રૂ. ૫૨૩ કરોડની ચૂકવણી કરશે. મોંઘવારી ભથ્થામાં આ વધારાના કારણે રાજ્ય સરકાર પર વાર્ષિક રૂ. ૧૫૬૯ કરોડનું વધારાનું નાણાકીય બોજ પડશે.

શિયાળબેટ ટાપુ પર નવું મત્સ્ય ઉતરાણ કેન્દ્ર આકાર પામશે

અમારા પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૪ : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં અમરેલી જિલ્લાના શિયાળબેટ ટાપુ પર સ્થાનિક માછીમારોની લાંબા સમયથી ચાલી આવતી માંગ અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવ્યો છે. જે મુજબ, શિયાળબેટ ખાતે આધુનિક સુવિધાયુક્ત મત્સ્ય ઉતરાણ કેન્દ્ર (ફિશ લેન્ડિંગ સેન્ટર) વિકસાવવાના પ્રસ્તાવને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

અમરેલી જિલ્લાના શિયાળબેટ ટાપુ પર ૧૫૪ બોટો, ૨,૬૮૦ જેટલી કુલ વસ્તી, ૧,૧૦૦થી વધુ સક્રિય માછીમારો તેમજ ૪,૬૧૧ ટન મત્સ્ય ઉત્પાદન નોંધાયેલું છે. આ ટાપુ ભૌગોલિક રીતે જમીનમાર્ગે જોડાયેલ ન હોવાને કારણે અહીંના માછીમારો અન્ય બંદરોનો ઉ

પયોગ કરી શકતા નથી અને તેમને ફરજિયાતપણે ટાપુની આસપાસ જ પોતાની બોટ પાર્ક કરવી પડે છે.

અન્ય સમાચારો

ડુંગરીમાં સગીરાને ધમકાવી દાગીના રોકડ પડાવનાર ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા.૦૪ : ડુંગરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયા બાદ આરોપી ધ્રુવીલ સંપતભાઈ પટેલે ફરિયાદીની સગીર વયની દીકરીને લલચાવી-ફોસલાવી વલસાડના તીથલ રોડ પર આવેલી હોટલમાં લઈ જઈ તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યા હતાં. ત્યારબાદ તેના ફોટા પાડી લઈ તેને સોશિયલ મીડિયા પર વાયરલ કરી બદનામ કરવાની ધમકી આપી હતી. આ ધમકીના આધારે આરોપીએ ભોગ બનનાર સગીરા પાસેથી અલગ-અલગ સમયે ઘરમાંથી રોકડા ૨,૬૫,૦૦૦ તેમજ આશરે ૩૨.૪ તોલા સોનાના ઘરેણાં કિંમત આશરે ૪૩,૪૮,૭૫૮ બળજબરી પૂર્વક પડાવી લીધા હતાં. આ અંગે ડુંગરી પોલીસ મથકે પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ગુનાની ગંભીરતાને જોતાં સુરત રેન્જ આઈજીપી પ્રેમવીર સિંહ અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ડુંગરી પીએસઆઈ યુ.એચ. પટેલ અને ટીમે ટેકનિકલ એનાલિસિસ તથા બાતમીદારોની મદદથી તપાસ હાથ ધરી હતી અને મળેલી ચોક્કસ બાતમીના આધારે આરોપી ધ્રુવીલ ઉર્ફે ધ્રુવિલ સંપતભાઈ પટેલ (ઉં.વ. ૨૧, રહે. શંકરતળાવ મંદિર ફળિયા, તા.જી. વલસાડ)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે આરોપીના રિમાન્ડ મેળવી તેની પાસેથી સોનાની બંગડીઓ IIFL ફાઈનાન્સ અને L&T ફાઈનાન્સમાં ગિરવે મૂકેલા સોનાના દાગીના તથા સોનાની ચેઈન રોકડા ૫૩૫૦, એક મોબાઈલ ફોન કુલ મળીને આશરે ૨૦૫.૮૧ ગ્રામ જેટલું સોનું તેમજ અન્ય સામાન સહિત કુલ ૨૭,૦૦,૦૭૦નો મુદ્દામાલ પોલીસે રિકવર કરવામાં સફળતા મેળવી છે.

પારડી હાઈવે બ્રીજ પરથી યુવકે નદીમાં ઝંપલાવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા.૦૪ : પારડીમાં નેશનલ હાઈવે પારનદીના મોટાબ્રિજ પરથી એક યુવકે અચાનક નદીમાં ઝંપલાવ્યું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે પારડીના ચંદ્રપુર માંગેલા લાઈફ સેવર ટ્રસ્ટની ટીમ



ત્વરિત ઘટના સ્થળે દોડી આવી હતી અને યુવકને નદીમાંથી બહાર કાઢી સારવાર અર્થે વલસાડની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર નદીમાં ઝંપલાવનાર યુવકનું નામ અંકિત ધીરુભાઈ પટેલ છે, જે મૂળ સુરતના ભેસ્તાન વિસ્તારનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. હાલ આ યુવકની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

ઓવાડાના યુવકનું અકસ્માતમાં મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ તા ૪ : વલસાડના ઓવાડા ગામે રહેતો ૨૪ વર્ષીય યુવાનની બાઈક ગઈકાલે રાત્રે વલસાડના ઠક્કરવાડાથી કલવાડા ગામ તરફ જતી વખતે પૂર્ણ નહીં ડિવાઈડર પુલને ડિવાઈડર સાથે બાઈક અથડાતા ગંભીર રીતે ગવાયેલા યુવાનને તત્કાલિક વલસાડની હોસ્પિટલમાં લવાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા ગામમાં શોકની કાલીમા ફેલાઈ ગઈ હતી. વલસાડ તાલુકાના ઓવાડા ગામના બારોલીયા ફળિયામાં જગદીશભાઈ દશરથભાઈ પટેલ ઉંમર વર્ષ ૨૪ રહે છે. જગદીશભાઈ પટેલ ગઈકાલે તા.૩/૧૧/૨૦૨૬ના સાંજે સાત કલાકે પોતાની સ્પ્લેન્ડર બાઈક નંબર જીજે ૧૫/ઈ.કે./૪૦૬૦ ને વલસાડના ઠક્કરવાડા ગામથી કલવાડા ગામ તરફ આવતા રોડ ઉપર આવેલ પુલિયા ઉપ ઠક્કરવાડા ગામથી આવતા દરમ્યાન પોતાના કબજાની હીરો સ્પ્લેન્ડર પ્લસ પુરઝડપે અને ગફલતભરી રીતે બેદરકારીથી હંકારી લાવી પુલના ડીવાઈડર સાથે અથડાવી દઈ પોતાનું એક્સીડેન્ટ કરી પોતાને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી, હાથના ભાગે, પગના ભાગે તથા શરીરના ભાગે નાની-મોટી ઈજા થતાં તેનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીકળ્યું હતું. જે ઘટના અંગે વલસાડ રૂરલ પોલીસ મથકમાં ભાઈ જયદીપભાઈ દશરથભાઈ પટેલએ નોંધાવી છે.

માહિતી નિયામક તરીકે IAS જી.ટી. પંડ્યાએ પદભાર સંભાળ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ, તા.૪ : જી.ટી.પંડ્યાએ માહિતી નિયામકનો પદભાર સંભાળ્યો હતો. માહિતી નિયામક જી.ટી.પંડ્યાએ પદભાર સંભાળ્યા બાદ ગાંધીનગર ખાતે અધિક માહિતી નિયામક ડૉ. સંજય કચોટ સહિત માહિતીના અધિકારીઓ સાથે બેઠક કરીને પરિચય કેળવ્યો હતો. પંડ્યાએ સૌને ટીમ-ભાવનાથી



કામગીરી કરવા અનુરોધ કર્યો હતો. પંડ્યાએ માહિતી નિયામકની કચેરીની કામગીરી સમજીને પ્રજા કલ્યાણની રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાઓના મહત્તમ લાભ છેવાડાના માનવી સુધી પ્રચાર- પ્રસાર દ્વારા કેવી રીતે પહોંચાડી શકાય તે અંગે સૌને માર્ગદર્શન આપ્યું હતું. જી.ટી.પંડ્યાએ માહિતી નિયામકનો ચાર્જ સંભાળ્યો તે અગાઉ તેઓ રાજ્યના શિક્ષણ વિભાગમાં અધિક સચિવ તરીકે કાર્યરત હતાં. તેઓ મોરબી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કલેક્ટર તરીકે અને રાજકોટ જિલ્લામાં પણ જિલ્લા વિકાસ અધિકારી તરીકે સેવા આપી ચૂક્યા છે. ૧૫ મે, ૧૯૭૨ના રોજ જન્મેલા જી. ટી. પંડ્યાએ માઈનિંગ એન્જિનિયરિંગમાં બી.ટેક.ની પદવી પ્રાપ્ત કરી છે. ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસની વર્ષ ૨૦૧૧ની બેચના સનદી અધિકારી પંડ્યા વહીવટી ક્ષેત્રે લાંબો અને સમૃદ્ધ અનુભવ ધરાવે છે. અગાઉ તેઓ સરકારમાં વિવિધ મહત્વપૂર્ણ પદો પર સેવાઓ આપી ચૂક્યા છે. નોંધપાત્ર બાબત એ છે કે તેઓને સ્વસ્થ ભારત અને ઈ-ઔષધિ પ્રોજેક્ટ માટે સ્કોચ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

ચીખલી કાવેરી નદીમાંથી મહિલાની લાશ મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ચીખલીતા.૪ : ચીખલી કાવેરી નદીના કિનારા પાસે એક મહિલાની લાશ જોવા મળતાં આ મહિલા ક્યાંની રહીશ હોવાનું તપાસ કરતાં આ મહિલા વંકાલ વજીફા ફળીયા ખાતે રહેતી પીનલબેન હરીશભાઈ પટેલ ઉ.વ. ૪૬ની હોવાનું બહાર આવ્યું હતું. પીનલબેન પટેલ બે દિવસ અગાઉ ઘરથી ચીખલી બજારમાં જાઉં છું કહીને નીકળી ગઈ હતી જેની શોધખોળ કરવા છતાં પણ કોઈ પત્તો મળ્યો ન હતો જેની લાશ આજરોજ કાવેરી નદીના ઓવારા પાસે આવેલ નદીના પાણીમાંથી મળી આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

CHANGE OF NAME

I have changed my Old Name from PARMAR TEJASHKUMAR ASHOKBHAI to New Name TEJASH PARMAR Please take note of this. Sd: Parmar Tejash Ashokbhai

Add.: Pramukh Vihar, Phase-2, H-2, Naroli Road, Silvassa, Dadra & Nagar Haveli.

જાહેર નોટીસ

એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

જન્મ-મરણ કેસ નં.૧૨૭/૨૦૨૬

અરજદાર : કેવડીબેન શંકરભાઈ પટેલ
ડુંગરી ફળિયા, વાજવડ, તા.નાનાપોંઢા, જી.વલસાડ

વિરુધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, વાજવડ, તા.નાનાપોંઢા, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **હરીશકુમાર શંકરભાઈ પટેલનો** જન્મ તા.૩૧/૦૧/૧૯૭૪ના રોજ મોજે વાજવડ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત વાજવડના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત વાજવડને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી વાજવડ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

જાહેર નોટીસ

એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

જન્મ-મરણ કેસ નં.૧૨૩/૨૦૨૬

અરજદાર : ચુનીલાલ ઉક્કડભાઈ પટેલ
ડુંગરી ફળિયા, વાજવડ, તા.નાનાપોંઢા, જી.વલસાડ

વિરુધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, વાજવડ, તા.નાનાપોંઢા, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **કલ્પનાબેન ચુનીલાલ પટેલનો** જન્મ તા.૨૮/૧૦/૧૯૯૦ના રોજ મોજે વાજવડ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત વાજવડના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત વાજવડને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી વાજવડ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

IMP પાવર્સ લિમિટેડ

IMP POWERS LTD.

CIN : L31300DN1961PLC000232
રજિસ્ટર્ડ ઓફિસ : સર્વે નંબર ૨૬૩/૩/૨/૨, ગામ સાયલી, ઉમર કુઈન રોડ, સિલ્વાસા (યુ.ટી.) દાદરા અને નગર હવેલી, સિલવાસા - ૩૯૬૨૩૦
ઓફિસ : CH-7, ઈન્સ્પાયર બિઝનેસ પાર્ક, શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, ખોડિયાર, અમદાવાદ, દસ્ક્રોઈ, ગુજરાત, ઈન્ડિયા। **Tel. No.** : +91-0260- 2464100/ +91-79-2655 4100
Website : www.imp-powers.com I **Email ID** : info@imp-powers.com

૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર અને અર્ધ વાર્ષિક વર્ષના અન-ઓડિટેડ નાણાકીય પરિણામો

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ("લિસ્ટિંગ રેગ્યુલેશન્સ") ના નિયમન ૩૩ના પાલનરૂપે, IMP પાવર્સ લિમિટેડ ("કંપની") ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે મંગળવાર, ૦૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાયેલી તેમની મીટિંગમાં, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર અને અર્ધ-વાર્ષિક વર્ષ માટેના અન-ઓડિટેડ થયેલા નાણાકીય પરિણામો (સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ) ("પરિણામો") ને મંજૂરી આપી છે.

કંપનીના સ્ટેચ્યુટરી ઓડિટર દ્વારા જારી કરાયેલ આ પરિણામો લિમિટેડ રિવ્યૂ રિપોર્ટ (સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ) સાથે, https://imp-powers.com/investors-desk/ પર અને સ્ટોક એક્સચેન્જોની વેબસાઈટ્સ, એટલે કે www.bseindia.com અને www.nseindia.com પર ઉપલબ્ધ છે.

લિસ્ટિંગ રેગ્યુલેશન્સના નિયમન ૪૭ના પાલનરૂપે, અમે અહીં જાણ કરીએ છીએ કે નીચે આપેલા ક્વિક રિસ્પોન્સ (QR) કોડને સ્કેન કરીને પણ આ પરિણામો મેળવી શકાય છે:

IMP પાવર્સ લિમિટેડ વતી
સહી/- **રાકેશ શાહ**
ચેરમેન - DIN : 00421920

તારીખ : ૦૩-૧૧-૨૦૨૬
સ્થળ : અમદાવાદ









દિપાવલી તથા નુતન વર્ષની શુભેચ્છાઓ



"સહકારથી સમૃદ્ધિ " પ્રાપ્ત કરવા ૧૨૬૫૫ Micro ATM, ૧૩૫૦ ATM અને ૧૪૦૦ બ્રાંચો ના માધ્યમથી તમામ ગ્રામ પંચાયતમાં સહકારી બેંકીંગ ટચ પોઈન્ટ ઊભા કર્યા, ૩૪ લાખ નવા એકાઉન્ટ ખુલ્યા, ૧૮.૩૩ લાખ KCC કાર્ડ અને માસિક ૫.૨૫ કરોડ ડિજિટલ ટ્રાન્ઝેક્શન મારફત રૂ. ૨૧૬૬૩ કરોડ ડિપોઝિટ માં વધારો કર્યો, સરલ કેશ ક્રેડિટ યોજના અમલમાં મુકાઇ, ટેબલેટ થી ઘરેબેઠા બેંકિંગ સેવાઓ પૂરી પાડી.

- આ બેંક રાજ્યની ૧૮ જીલ્લા બેંકો, ૨૦૭ અર્બન બેંકો તેઓની ૨૬૪૭ શાખાઓ, ૨૧૩૯૩ કર્મચારીઓ અને ૧૦૯૦૦ સેવા સહકારી મંડળીઓ મારફત રાજ્યના ૨૮ લાખ ખેડૂતોને પુનઃધિરાણ તથા ૨.૧૯ કરોડ ગ્રાહકોને બેંકીંગ સેવાઓ પૂરી પાડતી શિડ્યુલ્ડ એપેક્ષ બેંક.
- ૨૦ લાખ સાયબર સાથી બુકલેટ મારફતે સાયબર ફ્રોડ અટકાવવાના પ્રયત્નો.
- સહકારી બેંકોના કર્મચારીઓ માટે સહકાર રમતોત્સવનું આયોજન.
- ઓનલાઇન અને ઓફલાઇન ટ્રેનિંગ મારફત કર્મચારીઓને અપગ્રેડ કરાયા.
- ખેડૂતો, જિલ્લા બેંકો, અર્બન બેંકોને સાથે રાખી કોર્પોરેટ કલ્ચર અપનાવાયું.
- આ બેંક રાજ્યની ૧૭૦ જેટલી જીલ્લા / અર્બન બેંકોને ટેકનોલોજી અમ્બ્રેલા હેઠળ સભ મેમ્બરશીપ આપીને અંદાજે ૨.૧૯ કરોડ થી વધુ ગ્રાહકોને UPI QR Code, BBPS, AePS, RTGS/NEFT, CTS, ATM, POS/E-COM, UPI, IMPS, NACH, CSGL, ઈન્સ્યુરન્સ તથા અન્ય સર્વિસ વિના મૂલ્યે આપી રહી છે.
- " A A " ક્લાસ કરન્સી ચેસ્ટ, જાપાનની રોબોટીક ટેકનોલોજી સભર "AutoVault", ફાર્મર્સ હોસ્ટેલ, ૫૦૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતું ઓડીટોરીયમ, તાલીમ માટે એકતાનગર ખાતે સરદાર પટેલ "સહકાર ભવન" તથા 33 બ્રાંચોનું નેટવર્ક ધરાવતી બેંક.

છેલ્લા ઘણા વર્ષોથી વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેવી કે નાબાર્ડ, એન.પી.સી.આઇ, નાફસ્કોબ તરફથી સતત એવોર્ડ મેળવતી બેંક.

(રૂ. કરોડ માં)

વિગત	૨૦૦૮-૦૯	૨૦૧૪-૧૫	૨૦૨૩-૨૪	૨૦૨૪-૨૫	૨૦૨૫-૨૬
ટોટલ બિઝનેસ	૪૯૯૬.૫૩	૧૨૨૯૦.૮૭	૨૧૩૩૭.૭૦	૨૩૦૩૧.૨૯	૨૫૩૦૯.૬૯
થાપણો	૩૨૦૯.૯૫	૬૩૬૮.૮૮	૧૨૦૧૨.૨૧	૧૩૬૦૬.૫૬	૧૫૫૯૫.૪૫
એડવાન્સીસ	૧૭૮૬.૫૮	૫૯૨૧.૬૯	૯૩૨૫.૪૯	૯૪૨૪.૭૩	૯૭૧૪.૨૪
કુલ ભંડોળ	૩૪૬.૩૯	૬૧૨.૬૪	૧૨૦૧.૯૭	૧૨૮૫.૫૨	૧૩૪૮.૧૪
ગ્રોસ એન.પી.એ (%)	૧૭.૯૩	૨.૨૦	૦.૬૮	૦.૩૪	૦.૨૭
નેટ એન.પી.એ. (%)	૯.૨૯	૦.૧૫	0.00	0.00	0.00

અમદાવાદ | ગાંધીનગર | બોટાદ જિલ્લાના કાર્યક્ષેત્રના તમામ ગામોના લોકોને નજીકના સ્થળેથી **બેંકિંગ સેવાઓ મળી રહે તે માટે ૧૨૨૯ માઈક્રો એ.ટી.એમ., , ૧૫૦ ઓનસાઈટ / ઓફસાઈટ એ.ટી.એમ. અને ૨૦૮ બ્રાંચો સાથે દરેક ગ્રામપંચાયતને બેંકિંગ ટચ પોઈન્ટ દ્વારા બેંક બ્રાન્ચ જેવી સેવાઓ પૂરી પાડતી બેંક**

ટેકનોલોજી ક્ષેત્રે આધુનિક બેન્કિંગ પધ્ધતિઓનો અમલ કરી સહકારના મૂલ્યો જાળવી રાખી **'કો ઓપરેટીવ થી કોર્પોરેટ'** તરફની સફરને સફળતા પૂર્વક સાકાર કરતી બેંક

બેંક તરફથી ધિરાણ લેતા **ખેડૂતોનો રૂા.૧૦ લાખનો અકસ્માત વિમો** તથા **પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના** અંતર્ગત વધારાનું **રૂા.૨ લાખ** મળી કુલ **રૂા.૧૨ લાખનું અકસ્માત વિમા** રક્ષણ આપવામાં આવે છે.

સહકાર થી સમૃધ્ધિ

બેંકના પૂર્વ ચેરમેન તથા હાલના કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી માનનીય **શ્રી અમિતભાઇ શાહ સાહેબે** સતત ખોટ કરતી આ બેંકને માત્ર ૧ વર્ષના ટૂંકાગાળામાં નફો કરતી કર્યા બાદ તેમના અનુગામી વર્તમાન ચેરમેન **શ્રી અજયભાઇ પટેલ**ના નેતૃત્વ હેઠળ સતત વિકાસ કરતી બેંકની સને ૨૦૨૫-૨૬માં થયેલ પ્રગતિની ઝલક...

બેંકની આર્થિક સધ્ધરતાની આંકડાકીય માહિતી

(૨૬મ રૂા.કરોડમાં)

વિગત	૩૧/૦૩/૨૦૦૦	૩૧/૦૩/૨૦૦૩	૩૧/૦૩/૨૦૧૫	૩૧/૦૩/૨૦૨૪	૩૧/૦૩/૨૦૨૫	૩૧/૦૩/૨૦૨૬
ટોટલ બિઝનેસ	૧૭૯૪.૭૫	૨૨૪૨.૭૩	૭૦૮૫.૮૪	૧૫૯૫૪.૨૭	૧૭૮૪૭.૨૫	૨૦૨૧૧.૬૪
ડિપોઝીટ	૧૩૩૦.૫૪	૧૫૨૫.૩૦	૪૫૫૫.૩૧	૯૭૬૯.૨૪	૧૦૫૮૬.૯૬	૧૧૯૨૫.૮૪
એડવાન્સીસ	૪૬૪.૨૧	૭૧૭.૪૩	૨૫૩૦.૫૩	૬૧૮૫.૦૩	૭૨૬૦.૨૯	૮૨૮૫.૮૦
કુલ ભંડોળ	૧૯૫.૮૨	૨૭૬.૦૫	૪૩૩.૩૭	૮૧૬.૦૮	૮૬૪.૨૨	૧૦૮૬.૬૦
ગ્રોસ એન.પી.એ.	૪૦.૨૯%	૨૮.૪૨%	૩.૯૭%	૦.૩૪%	૦.૨૫%	૦.૧૮%
નેટ એન.પી.એ.	૨૮.૩૮%	૧૭.૬૭%	0%	0%	0%	0%

૩.૧ લાખ સુધીની સરલ કેશ ક્રેડીટ લોન (રૂપે ડેબિટ કાર્ડ), કાર લોન , હોમ લોન, બિઝનેશ લોન માટે અમારી નજીકની બ્રાંચનો સંપર્ક કરો

ટોટલ બિઝનેસ રૂ. ૨૫૩૦૯.૬૯ કરોડ | **થાપણો રૂ. ૧૫૫૯૫.૪૫ કરોડ** | **એડવાન્સીસ રૂ. ૯૭૧૪.૨૪ કરોડ** | **નેટ પ્રોફિટ રૂ. ૯૯.૩૩ કરોડ** | **ગ્રોસ એન.પી.એ. ૦.૨૭ %**

(૩૧-૧૦-૨૬)

ટોટલ બિઝનેસ રૂા. ૨૧૭૦૫ કરોડ | **ડિપોઝીટ રૂા. ૧૩૦૨૭ કરોડ** | **એડવાન્સીસ રૂા. ૮૬૭૮ કરોડ**

(૩૧-૦૩-૨૬)

ગ્રોસ એન.પી.એ. ૦.૧૮% | **નેટ નફો રૂા. ૧૦૩.૭૧ કરોડ**

'નાના માણસોની મોટી બેંક" તથા "No Customer - All are Bank's Family " ના સૂત્રને સાર્થક કરી ગ્રાહકોને શ્રેષ્ઠત્તમ સેવાઓ આપી પોતીકાપણાનો અહેસાસ કરાવતી અને કોર્પોરેટ સર્વિસ પૂરી પાડતી કો-ઓપરેટીવ બેંક

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ. બેંક લિ.
(શીડ્યુલ્ડ એપેક્ષ બેંક)

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ | ખેડૂત ખાતેદારો, સભાસદો, ડિપોઝીટર્સ તથા સ્ટાફ પરીવાર | શ્રી અજયભાઇ એચ. પટેલ ચેરમેન

ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લિ.

શ્રી જગદીશભાઇ બી. પટેલ વાઇસ ચેરમેન | તથા સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સભાસદો, ખેડૂત ખાતેદારો, ડિપોઝીટર્સ તથા સ્ટાફ પરીવાર | શ્રી અજયભાઇ એચ. પટેલ ચેરમેન

OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**